**સુવિચાર**

"તબિયત ખરાબ હોય એની સાથે રહેવાય, નિયત ખરાબ હોય એની સાથે નહીં."

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૧૨/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ પોષ સુદ-૮ વર્ષ : ૧૭ અંક : ૦૧૪



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## ગાંધીનાં ગુજરાતમાં દારૂની નદીઓ તો દૂર સાગર છલકાઈ રહ્યો હોય તેવો માહોલ

# ખાંભાનાં નાના વિસાવદરમાંથી ૪ ટ્રક ભરીને દારૂ ઝડપાયો

**એસએમસીનાં ડીઆઈજી નિર્લિપ્ત રાયનાં માર્ગદર્શનતળે ટીમે દારૂનો જથ્થો ઝડપી લીધો**

**વિદેશી દારૂ અને બિયરની ૧૨૭૨૬ બોટલ ઝડપાતા ચકચાર મચી**

**પોલીસ ટીમે ટ્રક સહિત કુલ રૂપિયા ૧.૦૪ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો**

**પોલીસ વિભાગનો કોઈપણ જાતનો ડર રાખ્યા વગર બુટલેગરો દારૂની કરે છે હેરાફેરી**



અમરેલી, તા. ૨૭

આગામી ૩૧ ડિસેમ્બરની ઉજવણીના સમયમાં બુટલેગરો વિદેશી દારૂનો મોટો જથ્થો ઉતારતાં હોય છે. જેને લઈ સ્ટેટ મોનીટરીંગ સેલનાં ડી.આઈ.જી. નિર્લિપ્ત રાયને મળેલ બાતમીનાં આધારે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ગઈકાલે અમરેલી જિલ્લાનાં ખાંભા તાલુકાના નાના વિસાવદર ગામે ખુલ્લા મેદાનમાં વિદેશી દારૂનું કટિંગ ચાલું હતું. ત્યારે જ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ ત્રાટકી રૂપિયા ૧.૦૪ કરોડનો મુદામાલ ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી જાણવાં મળતી વિગત મુજબ આગામી ૩૧ ડિસેમ્બરની ઉજવણીના

**અનુસંધાન પાના ૬ ઉપર**

### સાંજના ૭ વાગ્યા આસપાસ બનાવ બન્યો

## સાવરકુંડલા-આંબા માર્ગ ઉપર બે બાઈક અથડાતા ૧ યુવકનું મોત

**અન્ય એક વ્યકિતને ગંભીર ઈજા પહોંચી**

અમરેલી, તા. ૨૭

સાવરકુંડલા ગામે આવેલ વિદ્યુતનગરમાં આવેલ દેવીપુજક વિસ્તાર રહેતા પારસભાઈ ભનુભાઈ પરમાર નામના ૩૯ વર્ષિય યુવકના ભાઈ મિથુન તથા તેના જમાઈ અર્જુનભાઈ સાગરભાઈ સોલંકી ગત તા. ૨૬ ના રોજ સાંજે ૭ વાગ્યાનાં સમયે મોટર સાયકલ નં. જીજે-૦૧-યુજેડ-૩૮૭૨ નું લઈને આંબાશી સાવરકુંડલા આવતા હતા અને ભુવા ગામથી સાવરકુંડલા વચ્ચે પહોચતા

**અનુસંધાન પાના ૬ ઉપર**

### સ્વચ્છતા અભિયાનનાં માહોલમાં

## બાબરકોટનાં નેસડી વિસ્તારમાં ગંદકીથી રોગચાળાનો ખતરો

**જિલ્લા કલેકટરને પત્ર પાઠવાયો**

અમરેલી તા. ૨૬

જાફરાબાદ બાબરકોટ ગામનાં નેસડી વિસ્તારમાં રહેનાંર ગુણાભાઈ સોલંકીએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવીને ગંદકીની સમસ્યા દુર કરવા અનુરોધ કરેલ છે.

તેઓએ જણાવેલ છે કે, અમારા રહેણાંક મકાનની બાજુમાં મળ મુત્ર, છાણ, ગોબર ફેલાયુ હોય, ખરાબી દુર્ગંધ આવી રહી હોય અવારનવાર રજુઆત કરવા છતાં સફાઈ થતી ન હોય યોગ્ય કરવા અંતમાં માંગ કરેલ છે.

### રહેણાંક મકાન નજીક પાળી બનાવવા બાબતે બઘડાટી

## લાઠીનાં ટોડા ગામે એક મહિલા સહિતનાં વ્યકિતઓ ઉપર ૮ ઈસમોએ કર્યો હુમલો

**સામાન્ય બાબતે બઘડાટી બોલતા પોલીસ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨૭

લાઠી તાલુકાના ટોડા ગામે રહેતાં તૃપ્તિબેન ઉમેશભાઈ મધુભાઈ વાઘેલા નામની ૩૫ વર્ષીય મહિલાના રહેણાંક મકાનની પાસે શેરીમાં આરોપી

**અનુસંધાન પાના ૬ ઉપર**

























## ૧૫ વર્ષ પહેલા બનેલ ભૂગર્ભ ગટરનું કાર્ય કયાં ચોઘડિયામાં શરૂ થયું તે સમજાતુ નથી

# લીલીયા મોટા ખાતે ભૂગર્ભ ગટરની સમસ્યાનું નિરાકરણ જ થતું નથી

**સરપંચથી લઈને સાંસદ સુધીનાં જનપ્રતિનિધિઓ બદલાયા પણ ગ્રામજનોની પરેશાની દૂર થતી નથી**

**જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચ બાદ પણ યોગ્ય રીતે સુવિધા મળતી નથી**

**ધારાસભ્ય મહેશ કસવાલાએ ભૂગર્ભ ગટરની સમસ્યા દૂર કરવા કવાયત શરૂ કરી**

**કાર્યપાલક ઈજનેરને સ્થાનિક આગેવાનો સાથે બેઠક યોજીને પ્રશ્ન દૂર કરવા સુચના આપી**






લીલીયા, તા. ૨૭

લીલીયા મોટા ખાતે ૧૫ વર્ષ પહેલા જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાથી બનાવાયેલ ભૂગર્ભ ગટર કયાં શુકનમાં બનાવાઈ છે કે છેલ્લા ૧૫ વર્ષથી ગ્રામજનોને ભૂગર્ભ ગટરનો યોગ્ય લાભ મળતો નથી. અધિકારીઓ અને પદાધિકારીઓ અવારનવાર રૂબરૂ મુલાકાત લે અને આશ્વાસન ઉપર આશ્વાસન આપયા કરે. સરપંચથી લઈને સાંસદ બદલાયા છતાં પણ જૈસે થે પરિસ્થિતિ જોવા મળી રહી છે.

દરમિયાનમાં લીલીયા મોટા ભૂગર્ભ ગટર પ્રશ્ને થોડા દિવસો પહેલા લીલીયા ભાજપ કાર્યાલય ખાતે ગામના નાગરિકો દ્વારા ગટર કામ બાબતે રજૂઆત કરાતા વિસ્તારની સુખાકારી માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા કાર્યપાલક ઈજનેર ચૌધરીને સ્થળ પરથી જ ટેલિફોનીક સૂચના આપવામાં આવેલ કે લીલીયાની જનતાના પ્રશ્નો સાંભળી અને પ્રશ્નનું ત્વરિત નિરાકરણ લાવી યોગ્ય કરવું. ત્યારે કાર્યપાલક ઈજનેર, તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, ભીખાભાઈ ધોરાજીયા, ભનુભાઈ ડાભી, કેપ્ટન ધામત, ઘનશ્યામ મેઘાણી અને ગ્રામ પંચાયત સરપંચ વિજયભાઈ શેખલિયા સાથે અગત્યના ગટર પ્રશ્નોને લઈ બેઠક યોજી. જેમાં મફત પ્લોટ વિસ્તારમાંથી નીકળતી નહેરમાં ગટર લાઈન બાબત કાર્યપાલક ઈજનેર દ્વારા વિગતવાર ગાઈડ કરી યોગ્ય નિરાકરણ બાબત આવેલ સરપંચ તેમજ નગરજનોને આખી નહેરમાં કઈ રીતે ગટર લાઈન આવશે તેમજ કઈ જગ્યાએ પુષિંગ કામ આવશે તે બાબત માર્ગદર્શન અપાયું. આવનાર દિવસોમાં ભયંકર ગટર પીડાથી કાયમી છુટકારા માટે વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સત્તત પ્રયત્નશીલ હોવાનું તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ દ્વારા કહેવાયું. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જે કોઈ એજન્સી કે કે જે કો અધિકારીનાં માર્ગદર્શનતળે ભૂગર્ભ ગટર બનાવાઈ તે વ્યકિતઓથી લઈને બાદમાં ભૂગર્ભ ગટરને કાર્યરત કરવામાં પણ જે કોઈ નિષ્ફળ ગયા છે તેમની સામે કાનૂની કાર્યવાહી કરવાની જરૂર છે. ૧૫ વર્ષ પહેલા જયારે, ભૂગર્ભ ગટરની કામગીરી શરૂ હતી તે સમયે "અમરેલી એકસપ્રેસ"માં કામગીરીમાં ચાલતી ગેરરીતિ અંગે અવારનવાર અહેવાલ પ્રસિધ્ધ થયેલ છતાં તંત્રએ કોઈ તપાસ ન કરતાં પરિણામ સામે આવ્યું છે.

## જયવંતી બોટમાં ખલાસીનું કામ કરતા હોય તે સમયે

# જાફરાબાદનાં દરિયામાં ખલાસી અકસ્માતે ઈજાગ્રસ્ત થતાં કોસ્ટગાર્ડ મદદે આવ્યા

**ઈજાગ્રસ્ત ખલાસીનું રેસ્કયુ કરી જીવ બચાવાયો**



જાફરાબાદ, તા. ૨૭

જાફરાબાદનાંદરિયામાં ૩૫ નોટિકલ માઈન દુર જયવંતી બોટનાં ખલાસી વિજય સોલંકી અકસ્માતે ઈજાગ્રસતથતાંપિપાવાવકોસ્ટગાર્ડટીમ ઈમરજનસી બોટ લઈને ઘટના સ્થળે પહોંચી.

ઈજાગ્રસ્તખલાસીનુંરેસ્કયુ કરીદરિયાકાંઠેલાવીસારવારમાંખસેડીને ખલાસીનો જીવ બચાવ્યો હતો. જાફરાબાદ દરિયામાં થયો ખલાસીનો અકસ્માતઅરબીસમુદ્રમાંબોટમાંકામ કરતા ખલાસીનો થયો અકસ્માત જાફરાબાદના દરિયામાં ૩૫ નોટીકલ માઈલ દુર જયંવતી બોટના ખલાસી વિજય સોલંકીએ થઈ ઈજાઓ. પિપાવાવ કોસ્ટગાર્ડ ટીમ ઈમરજનસી બોટલઈનેઘટનાસ્થળેપહોંચીઈજાગ્રસ્ત ખલાસીનેનું રેસ્કૃયુ ઓપરેશન કરી દરિયાકાંઠેસારવારમાંખસેડીખલાસીનો જીવબચાવ્યો.

## ૧૦ દિવસ પહેલા બોલેરા ચાલકે હડફેટે લેતા

# બાબરાનાં ચમારડી ગામનાં વૃધ્ધનું અકસ્માત બાદ સારવાર દરમિયાન મોત

**વૃધ્ધ વાડીએ જતાં હોય અકસ્માત થયેલ**

અમરેલી, તા. ૨૭

બાબરાનાં ચમારડી પાસે હિટએન્ડરનનીઘટનામાંચમાડીનાખેડૂત વૃધ્ધનું મોત થયું છે. ચમારડી રહેતા ભીખાભાઈ લીંબાભાઈ સોજીત્રા (ઉ.વ.૭૫) દસેકદિવસપહેલા૧૮મીએ સવારે નવેક વાગ્યે ઘરેથી બાઈક હંકારી ચમારડીની સીમમાં આવેલી પોતાની વાડીએ જઈ રહ્યા હતા. ત્યારે રસ્તામાં અજાણ્યો બોલેરોનો ચાલક ઠોકર મારી ભાગી ગયો હતો.

ભીખાભાઈ વાહન સહિત ફંગોળાઈ જતાં ગંભીર ઈજાઓ થતાં બાબરા, અમરેલી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. અહિ સારવારમાં તેમણે દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફ બાબરા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર ભીખાભાઈ બે ભાઈ અને એક બહેનમાં મોટા હતા. સંતાનમાં ચાર દિકરી અને બે દિકરા છે. બાબરા પોલીસે અકસ્માત સર્જી ભાગી ગયેલા બોલેરોચાલકની શોધખોળ હાથ ધરી છે.

## ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજનાં પી.એ. તરીકે ઓળખ આપી

# અમરેલી ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજનાં ડ્રાઈવરની નોકરી આપવાનાં નામે ૨.૦૩ લાખની છેતરપીંડી

**બગસરાનાં માવજીંજવા ગામનાં પ્રકાશ ઉર્ફે બાબુભાઈ દાફડાનું કારસ્તાન**

અમરેલી તા. ૨૭

બગસરા તાલુકાના માવજીંજવા ગામે રહેતાં પ્રકાશભાઈ ઉર્ફે બાબુભાઈ રવજીભાઈ દાફડા નામના આરોપીએ જેતપુર તાલુકાના ખજુરી ગુંદાળા ગામે રહેતાં નિકુંજભાઈ કડવાભાઈ બુટાણી નામનાં ૨૭ વર્ષીય ખેડૂત યુવકને આરોપીએ કહેલ કે, હું પોતે એક સરકારી કર્મચારી છું. અને કોર્ટમાં કલાર્ક તરીકે નોકરી કરૂ છુ. અને અમરેલી ડીસ્ટ્રીક એન્ડ સેશન્સ જજ બુખારીનો પી.એ. છું. અને હાલ પુરતુ મને મોનીટરીંગ કરવા માટે અમરેલીથી લાઠી, લીલીયા, બાબરા વિગેરે જગ્યાએ દરેક કોર્ટમાં ઓબ્જરર્વેશન કરવાનું કામ સોપેલ છે. જે કામ હું કરૂ છુ.

હાલમાં અમરેલી ડીસ્ટ્રીક કોર્ટમાં જજના ડ્રાઈવરની ભરતી અંગેની કામગીરી ચાલુ છે. જો તમારે નોકરીની જરૂરીયાત હોય, તો હું તમારૂ ખાનગી સેટીંગ કરાવી આપુ. જેથી ખેડૂત યુવક હાલમાં બેરોજગાર હોય અને તેમને ખરેખર ડ્રાઈવર તરીકે નોકરી કરવી હોય. જેથી ખેડૂત યુવકે આરોપીને કહેલ કે હું ધોરણ–૧૦ સુધી ભણેલ છુ અને મારે નોકરી કરવી છે.

ત્યારે આરોપીએ ખેડૂત યુવકને કરેલ કે, ગ્રેજયુએશન કરેલાને નોકરી આપીએ છીએ. અને તમારૂ ભણતર ઓછુ હોવાથી ડ્રાઈવરમાં સેટીંગ કરી આપવા માટે ખાનગી સેટીંગ કરવુ પડશે. અને હું તમારૂ ખાનગી સેંટીગ કરી આપીશ. જેના માટે તમારે રૂપિયા પાંચ લાખ પુરા જજના ખર્ચા માટે આપવા પડશે. જેથી ખેડૂત યુવકે કહેલ કે આટલી મોટી રકમની વ્યવસ્થા મારી પાસે નહી થાય. ત્યારે આરોપીએ ખેડૂત યુવકને રૂપિયા બે લાખ આપવાનું જણાવતા આરોપીએ યુવક પાસેથી ગત તા.૧૮/૭/૨૫ થી તા.૨૬/૭/૨૫ દરમ્યાન અલગ અલગ સમયે ગુગલ પે મારફતે રૂપિયા ૨,૦૩,૦૦૦ મેળવી લીધેલ હતાં.

ત્યાર બાદ ખેડૂત યુવકે આરોપીને નોકરી બાબતે પુછતા આરોપીએ કહેલ કે ૩૦ દિવસમાં સીવીલ કોર્ટના ડ્રાઈવર તરીકે ઓર્ડર મળી જશે. ત્યારબાદ ૩૦ દિવસ પછી ખેડૂત યુવકે આરોપીને ફોન કરતા આરોપીએ કહેલ કે હજુ રજીસ્ટ્રાર રજા ઉપર છે. અને રજીસ્ટ્રાર અમરેલી કોર્ટમાં આવી જાય પછી તમને ઓર્ડર મળી જશે.

બાદમાં એકાદ અઠવાડીયા પછી આરોપીએ ખેડૂત યુવકને ફોન કરી, બગસરા બોલાવી અને નોકરીનો ઓર્ડરમાં આપેલો હતો. જેમાં અમરેલી ડીસ્ટ્રીક એન્ડ સેશન્સ કોર્ટમાં ડ્રાઈવરનો લેખીત ઓર્ડર હતો. તે ઓર્ડરમાં ડીઝીટલ સાઈન રજીસ્ટ્રાર ડીસ્ટ્રીક સેશન્સ કોર્ટ અમરેલી લખેલો ઓર્ડર આપેલ હતો. અને આરોપીએ ખેડૂત યુવકને કહેલ કે ૮ સપ્ટેમ્બરના રોજ અમરેલી કોર્ટમાં નોકરીમાં હાજર થવાનું જણાવેલ હતું.

જેથી ખેડૂત યુવક ગત ૮ સપ્ટેમ્બરના રોજ અમરેલી કોર્ટમાં ઓર્ડર સાથે હાજર થવા જતાં, અને પોતાને મળેલ ઓર્ડર બતાવતા ત્યાં કોર્ટનાં સરકારી રજીસ્ટાર દ્વારા ખેડૂત યુવકને જણાવેલ કે, આવી કોઈપણ પ્રકારની ભરતી થયેલ નથી. અને આ ઓર્ડર ખોટો/બનાવટી છે.

આમ આ આરોપીએ અમરેલીના ડીસ્ટ્રીક એન્ડ સેશન્સ કોર્ટ અમરેલીના ડીસ્ટ્રીક જજના નામનો તેની ઓર્ડરમાં ખોટી સહી કરેલો ઓર્ડર ખોટો/બનાવટી ઓર્ડર બનાવી સરકારી રેકર્ડમાં છેડા કરીને બનાવટી રેકર્ડ ઉભુ કરી ખેડૂત યુવકને તે ખોટા ઓર્ડરનું લેટર આપી પોતાની સરકારી કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી ખેડૂત યુવકને સરકારી નોકરી આપવાની લાલચ આપી ખેડૂત યુવક સાથે રૂપિયા ૨,૦૩,૦૦૦ ની રકમ ગુગલ પે મારફતે તેમના ખાતામાં મેળવી લઈ ખેડૂત યુવક સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કર્યાની ખેડૂત યુવકે બગસરા તાલુકાના માવજીંજવા ગામે રહેતાં પ્રકાશભાઈ ઉર્ફે બાબુભાઈ રવજીભાઈ દાફડા સામે બીએનએસ ક.૩૧૯(૨), ૩૧૮(૪), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૭, ૩૩૮, ૩૪૦(૨) મુજબ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## જાણીતા પત્રકારને મહત્વની જવાબદારી મળી

# બાબરા : જિલ્લા રાજપુત કરણીસેનાના આઈ.ટી. સેલનાં પ્રભારી તરીકે રાજુ બસિયાની વરણી

**મિત્રો, શુભેચ્છકો દ્વારા શુભકામના પાઠવાઈ**



બાબરા, તા. ૨૭

બાબરા શહેરના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના જાણીતા સિનિયર પત્રકાર રાજુ બસિયાની શ્રી રાજપૂત કરણી સેનામાં અમરેલી જિલ્લા આઈ.ટી. સેલના પ્રભારી તરીકે વરણી કરવામાં આવતા સમગ્ર તાલુકામાં હર્ષોલ્લાસની લાગણી પ્રસરી છે. રાજપૂત કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહ મકરાણા અને પ્રદેશ અધ્યક્ષ વીરભદ્રસિંહની સૂચના તથા માર્ગદર્શન હેઠળ પ્રદેશ આઈ.ટી. સેલના પ્રભારી બકુલસિંહજી વાઘેલા (ગોધાવી) દ્વારા રાજુ બસિયાની આ મહત્વના હોદ્દા પર નિમણૂંક કરવામાં આવી છે.

રાજુ બસિયાના મીડિયા ક્ષેત્રના બહોળા અનુભવ અને સંગઠન પ્રત્યેની તેમની સક્રિયતાને ધ્યાને રાખીને આ જવાબદારીસોંપાતા, બાબરા પંથકના રાજકીય અને સામાજિક અગ્રણીઓ, વિવિધ સંગઠનોના હોદ્દેદારો, પત્રકાર મિત્રો તેમજ બહોળા ચાહક વર્ગ દ્વારા તેમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. તેમની આ નિમણૂકને તાલુકાભરના લોકો અને સમાજના શ્રેષ્ઠીઓએ આવકારી છે.

# ધારીમાં આજે આસ્થા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રકતદાન કેમ્પ યોજાશે

અમરેલી, તા. ૨૭

ધારી ખાતે આસ્થા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચોથા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે તો અત્યાર સુધીના બધા રકતદાન કેમ્પમાં સર્વે રકત દાતાઓ બહોળી સંખ્યામાં આવેલ અને ઉત્સાહ વધારેલ સાથે સાથે આસ્થા ચેરીટેબલ ટ્રસ્ટના સર્વે કાર્યકરોનો ઉત્સાહ પણ વધારેલ છે. તો સર્વ રકતદાતાઓને ૨૮ ડિસેમ્બર રવિવારે સવારે ૯ થી ૧ સુધી લોહાણા મહાજન વાડી ધારી ખાતે ઉપસ્થિત રહેવા અનુરોધ.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ બ્લુટૂથ ટેકનોલોજી AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

## વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ અંતર્ગત પ્રભારી મંત્રીનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી ખાતે ફ્લેગશીપ ઈવેન્ટ-ડિસ્ટ્રીક્ટ લેવલ કાર્યક્રમ યોજાયો

**એગ્રોથી પાવર સેક્ટર સુધી રૂપિયા ૯૦૮ કરોડથી વધુનું રોકાણ**

**કરોડો રૂપિયાનાં રોકાણથી અમરેલી જિલ્લાનો ઔદ્યોગિક વિકાસ વેગવંતો બનશે : વાઘાણી**

**જિલ્લામાં જીઆઈડીસીની સુવિધા મળે તે દિશામાં સકારાત્મક પ્રયત્નો શરૂ : વેકરિયા**

**જિલ્લામાં રોજગારીનાં ૧૪૦૦થી વધુ નવા અવસરોનું સર્જન : ૩૧ MOU પર ઉદ્યોગ સાહસિકોનાં હસ્તાક્ષર**



અમરેલી, તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની યાત્રા સફળતાપૂર્વક આગળ ધપી રહી છે. નવતર પહેલ સ્વરૂપે વિવિધ ઝોન મુજબ વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. રાજકોટ ખાતે આગામી સમયમાં સૌરાષ્ટ્ર-કચ્છ રિજિયોનલ કોન્ફરન્સ યોજાશે. આ અંતર્ગત રાજય સરકારના કૃષિમંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા ફલેગશીપ ઈવેન્ટ-ડિસ્ટ્રિકટ લેવલ પ્રોગ્રામ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લામાં ઉદ્યોગ, રોકાણ અને રોજગાર સર્જનને પ્રોત્સાહન આપવા માટે એગ્રો અને ફૂડ, કેમિકલ, એન્જિનયરીંગ, ટેકસટાઈલ, પ્લાસ્ટિક અને પાવર સહિતના સેકટરમાં કુલ રૂા. ૯૦૮ કરોડથી વધુની રકમના ૩૧ એમ.ઓ.યુ. (Memorandum Of Understanding) સાઈન અને એકસચેન્જ કરવામાં આવ્યા હતા. આ અન્વયે જિલ્લામાં રોજગારીના ૧૪૦૦થી વધુ નવા અવસરોનું સર્જન થશે, સાથે જિલ્લામાં ઔદ્યોગિક વિકાસના નવા અધ્યાયનો આરંભ થશે.

કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, એગ્રોથી પાવર સેકટર સુધી રૂા. ૯૦૮ કરોડથી વધુના રોકાણથી જિલ્લાનો ઔદ્યોગિક વિકાસ વેગવંતો બનશે. ગુજરાત સાથે વિના ઉદ્યોગ સાહસિકો કનેકટ થતા નોલેજ અને ટેકનોલોજી શેરિંગના કારણે રાજય 'બિઝનેસ ફ્રેન્ડલી સ્ટેટ' તરીકે વિમાં ખ્યાતિ પામ્યું છે. આપણી વાઈબ્રન્ટ સમિટ ભારતના અન્ય રાજયો માટે પ્રેરણારૂપ બની છે. રાજયમાં મજબૂત બિઝનેસ ઈકોસિસ્ટમ ડેવલપ થતા સર્વાંગી વિકાસના નવા આયામો સર થયા છે. નવ યુવાનો સ્ટાર્ટઅપ ક્ષેત્રે સાહસી બન્યા તે વાઈબ્રન્ટ ગુજરાત સમિટની સફળતાને આભારી છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું દ્રષ્ટિવંત નેતૃત્વ અને ''સકારાત્મકપહેલ, સકારાત્મક વિચારસરણી''ના કારણે ગુજરાત, વિકસિત ભારત@૨૦૪૭ ના સોનેરી સંકલ્પને મજબૂતી સાથે આગળ ધપાવી રહ્યું છે.

રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, જિલ્લાને પોતાની જી.આઈ.ડી.સી. મળે તે દિશામાં સકારાત્મક પ્રયત્નો શરૂ છે. જિલ્લો ઉદ્યોગ ક્ષેત્રે આગળ ધપે તે દિશામાં અમે સતત સક્રીય છે. તેમણે અમરેલી જિલ્લાને ડાયમંડ હબ બનાવવાની નેમ વ્યકત કરતા જણાવ્યું કે, આપણે પણ અહીં હીરાના કટિંગ અને પોલીશીંગ માટે નવી તકો શોધી શકીએ છીએ. વધુમાં ઉમેર્યું કે, જિલ્લામાં વિન્ડ સાથે સોલાર એનર્જી ક્ષેત્રે પણ પ્રગતિ શકય બને તે દિશામાં સક્રીયપણે આગળ ધપવું જરૂરી છે. રાજય પણ આજે ગ્રીન એનર્જી ક્ષેત્રે સતત અગ્રેસર છે.

કાર્યક્રમ દરમિયાન અધિક ઉદ્યોગ કમિશ્નર આર.એન. ડોડીયાએ 'વાઈબ્રન્ટ ગુજરાત સમિટ' સફળતાની ૨૫ વર્ષની યાત્રા અને ગુજરાત રાજયના વિવિધ અચિવમેન્ટ માઈલસ્ટોનનો શબ્દસહ ચિતાર રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, આજે ગુજરાત 'બેસ્ટ બિઝનેસ ફ્રેન્ડલી સ્ટેટ' તરીકે સમગ્ર વિમાં ખ્યાતિ પામ્યું છે. વર્ષ ૨૦૪૭માં 'વિકસિત ભારત'ના નિર્માણમાં ગુજરાત મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે. ભારત આગામી સમયમાં ૫ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બનવા તરફ તેજગતિએ આગળ ધપી રહ્યું છે.

આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લાના ધારાસભ્ય જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં વીજીઆરસી (વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ) પર અટ ફિલ્મની પ્રસ્તુતી કરવામાં આવી હતી. અમરેલીની શીતલ કુલ પ્રોડકટ લી. અને રોઝફિન્ચ ફાર્માસ્યુટિકલ પ્રા.લી. કંપનીના મેનેજિંગ ડિરેકટરોએ પોતાના મધ્યમ, લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગની સફળતાની યાત્રાની સફળગાથા પ્રસ્તુત કરી હતી.

ઉપરાંત આઈડિયાઝ ફોર વિકસિત ભારત@૨૦૪૭, MSME's ઉદ્યોગ સાહસિકતા વિષય પર ક્ષેત્ર-વિશિષ્ટ સેમિનાર યોજાયો હતો. અમરેલી જિલ્લાના અગ્રણી ઉદ્યોગકારો અને નિષ્ણાંતો વચ્ચે ઓપન હાઉસ ડિસ્કશન સત્ર પણ યોજવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ધારી કૃષિ ઉત્પાદક પ્રોસેસિંગ સહકારી મંડળી લી., અજવા સ્ટીલ એલ.એલ.પી. એકમ, હોનેસ્ટ કોટસ્પીન પ્રા.લી., સ્કાયઓન ફૂડસ, કસ્વા ઈન્ડસ્ટ્રીઝ, પરફેકટ રોટો પોલીમર્સ, મોટા માણસા બ્લેકટ્રેપ બ્લોક-એ સહિતના ઔદ્યોગિક એકમોએ કાર્યક્રમમાં સહભાગી બનીને ફલેગશીપ ઈવેન્ટને સફળ બનાવી હતી. કાર્યક્રમ પ્રારંભે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યુંહતું.

કાર્યક્રમ સ્થળે બિઝનેસ ટુ બિઝનેસ જોડાણની તકો, નિષ્ણાંતોના વ્યાખ્યાન અને ઉદ્યોગકારોનું પ્રદર્શન યોજાયું હતું. રાજય સરકારની યોજનાઓ દ્વારા સહાયતા પ્રાપ્ત કરનારા ઉદ્યોગકારો-વેપારી એકમોને મહાનુભાવોના હસ્તે વિવિધ લાભનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર જનરલ મેનેજર એસ.બી. ભાટીયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

અમરેલી સ્થિત શ્રીમતી શાંતાબા ગજેરા ઓડિટોરીયમ હોલ ખાતે આયોજિત જિલ્લાની ફલેગશીપ ઈવેન્ટ-ડિસ્ટ્રિકટ લેવલ પ્રોગ્રામમાં અમરેલી નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, અન્ય હોદ્દેદારો, અમર ડેરી ચેરમેન અનિભાઈ સાવલીયા, અધિક ઉદ્યોગ કમિશ્નર આર.એન. ડોડીયા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડયા, ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, વેપારી મહામંડળ, ડાયમંડ એસોસિએશન, લઘુ ઉદ્યોગ ભારતી, ઓઈલ મીલ એસોસિએશન પ્રમુખો, શીતલ કુલ પ્રોડકટ મેનેજિંગ ડિરેકટર ભૂપતભાઈ ભુવા સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ, બહોળી સંખ્યામાં ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા.





















# સન્ડે સ્વીટ્સ

અમરેલી એક્સપ્રેસ

4

તા.૨૮-૧૨-૨૦૨૫


## ચાંદ સી, મેહબૂબા.. હો મેરી.. કબ મેને સોચા થા.. હા.. તુમ બિલકુલ વેસી મેરી મોહબ્બત જવા રહેગી.. સદા રહી હૈ.. સદા રહેગી.. તડપ કર યહી તુમ સે અચ્છા.. કૌન હૈ.. દિલ ઓ જિગર ઓ જાન.. લો.. હમ તુમ્હારે

**ફિલ્મી સફર** (એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ .. ૨૬૫, - ૧૯૬૫**

**પ્રિય વાચક મિત્રો,**

સમય જતાં વાર લાગતી નથી. ૨૦૨૦માં આપણે શરૂ કરેલ આ ફિલ્મી સફર આજે ૨૦૨૫ના અંત સુધી પહોચી ગયું છે, આપ સર્વ વાચક મિત્રો અને અમરેલી એક્સ્પ્રેસનો હું ખૂબ આભારી છું. આવતા વીકમાં આપણે ૨૦૨૬માં મળીશું. નવું વર્ષ, નવી ચેતના, નવી આશા આ અને ઉત્સાહ સાથે નવા સંકલ્પ સાથે દરેક શરૂ કરવાના હશે તેની. આપ સર્વ વાચક મિત્રોને ૨૦૨૬ની ખૂબ ખૂબ શુભ કામનાઓ.

૧૯૬૫ના ફિલ્મી સફરમાં આપણે મનોજ કુમારની ફિલ્મોની વાત કરી રહ્યા છીએ, આજની ફિલ્મ એ ૧૯૬૫ના વર્ષની ત્રીજા નંબરની સુપર હિટ ફિલ્મ છે. આ ફિલ્મનું બજેટ ૯૫ લાખ અને નફો ૨ કરોડ પચાસ લાખનો થયો હતો. ફિલ્મની કહાનીએ આજથી ૬૦ વર્ષ પેહલાની ભારતની ગામડાઓમાં રહેતી ડોક્ટરની અછત અને એક પ્રેમ કહાની છે. ગામડામાં આજે પણ સારા ડોક્ટર નથી, ત્યાં આયુર્વેદિક અથવા બીજી ડિગ્રી કે ડિગ્રી વગરના કમપાઉન્ડર જે ત્યાં ડોક્ટર રૂપે દવા આ આપતા જોવા મળે છે, અને ગામડાની જનતાને તેના ઉટ વૈદા પર ભરોશો રાખવો પડે છે. કારણ માત્ર એટલું જ છે કે ડોક્ટર સુધીનો અભ્યાસ કર્યા બાદ ત્યાં ડોક્ટરને આવક દેખાતી નથી. આજે ભારતમાં ડોક્ટર બનવાનો ખર્ચ પણ વધી ગયો છે, અને માત્ર એમ.બી.બી.એસ. કરવાથી કોઈ મતલબ નથી, સારા સ્પેયાલિસ્ટ ડોકટર બનવું એ જરૂરી છે, અને કરોડ રૂપિયા ઉપરનો ખર્ચ કર્યા બાદ મોટા ભાગના ડોકટર એક ડાકુનું કામ કરે છે, દર્દીઓને લૂટવા એ આજ સામાન્ય બાબત થઈ ચૂકી છે. દર્દીઓ આજે સારવાર, લેબોરેટરી અને દવાના નામે લુટાઇ રહ્યા છે. જયારે આજની ફિલ્મના ડોક્ટરએ શહેરનો વૈભવ છોડી અને ગામડામાં ગરીબ દર્દીઓની સેવા કરવાનો સંકલ્પ કરે છે.




આ સાથે ફિલ્મમાં એક પ્રેમ કહાની પણ છે, કહેવાય છે કે પ્રેમ આંધળો હોય છે, જે નાત જાત, અભ્યાસ, દેખાવ, વયને પણ જોતો નથી. આજની ફિલ્મનો નાયક ડોક્ટર છે, જે એક અભણ યુવતીને ચાહે છે અને જીવન સંગિની બનાવે છે, આવી ફિલ્મ હિમાલય કી ગોદ મેની કહાની ટૂંકમાં જોઈએ. મનોજ એક અમીર પરિવારનો ડોક્ટર યુવક છે, તેના પિતા પોલીસમાં આઈ.જી. છે. તે હવાઈ સફર કરે છે, તેમાં હવાઈ ઝહાઝમાં એક વ્યકિતને હદય રોગનો હુમલો આવે છે, વિમાન જંગલ વિસ્તારમાં ઊભું રાખવું પડે છે, મનોજ સાથે તેની મિત્ર અને ડોક્ટર શશિકલા પણ છે, મનોજ જંગલમાં હોસ્પિટલ શોધવા નીકળે છે, પણ ડાકુ જયંત તેને લૂટીને ઘાયલ કરી બેભાન અવસ્થામાં ફેકી દે છે, સાથે શશિકલાનો એક સોનાનો હાર પણ લૂટી લે છે. મનોજને ગામડાની યુવતી માલા તેના ઘર લઈ જાય છે, અને ગામડાના વૈધ કહો કે ઢોંગી તાંત્રિક કન્હૈયા લાલને ત્યાં લઈ જાય છે, મનોજ આપ મેળે સારો થઈ જાય છે, માલા અને તેના કાકા ડેવિડ એમ સમજે છે કે કન્હૈયા લાલે તેને સારો કર્યો છે, મનોજ આ અબુધ ગામની યુવતીને સમજાવે છે, અને તેના શહેર પરત આવે છે. ગામમાં ભેદી રોગચાળો ફાટી નીકળે છે, માલા સમય સર તેના કાકા ડેવિડને મનોજ પાસે શહેરમાં લઈ આવે છે. ડેવિડ સારો થઈ જાય છે, પણ ગામની હાલત મનોજને કહે છે. મનોજ શહેરની કમાણી અને વૈભવ છોડી સેવા માટે ગામમાં દવાખાનું ખોલવા નક્કી કરે છે. મનોજના દવાખાનાનો કન્હૈયા લાલ અને ગામના લોકો વિરોધ કરે છે, પણ મનોજની દવાથી લોકો સારા થતાં તેનું માન વધી જાય છે. ડાકુ જયંત એ માલાના પિતા છે, અને ડેવિડ તેનો ભાઈ છે, આ બાબતની માલાને જાણ નથી. જયંત શશિકલા પાસેથી લૂટેલ સોનાનો હાર માલા પાસે મૂકી જતો રહે છે. શશિકલા પણ ગામડે આવે છે, પણ માલા અને શશિકલાને બનતું નથી. માલા પર શશિકલા સોનાના હારની ચોરીનો આરોપ લગાવે છે. પણ મનોજ તે માનતો નથી કારણ તે માલા ને ચાહે છે.

માલા અને મનોજનો પ્રેમ ડાકુ જયંતને પસંદ નથી, કારણ તેને ખબર પડી ગઈ છે કે મનોજએ પોલીસ આઈ જી સપરૂનો પુત્ર છે. તે ડેવિડને મનોજ અને માલાને અલગ કરવા કહે છે, પણ અંતે પ્રેમની જીત થાય છે. જયંત પોલીસ સાથે લડતા પ્રાણ ગુમાવે છે, માલાને જયંત તેના પિતા છે તે ખબર પડે છે, પણ અંતે બન્ને પ્રેમીઓ એક થાય છે. આ ફિલ્મની સફળતા પાછળ કલ્યાણજી આનંદજીના મધુર સંગીત અને મુકેશજી અને લતાજીના યાદગાર ગીતોનો મુખ્ય ફાળો છે. લતાજીના સ્વરમાં એક તું જો મિલા અને સેડ સ્વરમાં એક તું ના મિલા ..અને મુકેશજીના સ્વરમાં મે તો એક ખ્વાબ હું અને ચાંદસી મહબૂબા હો મેરી આજે પણ યાદગાર ગીતોની યાદીમાં છે.

હવે વાત કરીશું ૧૯૬૫ના ૬ નંબરની શમ્મી કપૂરની સુપર હિટ ફિલ્મ જાનવરની. જે મનુષ્યના હદયમાં પ્રેમ નથી તે એક જાનવર સમાન જીવન વ્યતીત કરે છે, ક્યારેક ધનનો અતિરેક વ્યકિતને જાનવર બનાવી દે છે, આજે ધનના અતિરેકમાં તરૂણો શરાબ અથવા ડ્રગ્સનો નશો કરી નિર્દોષ લોકોનો જીવ લઈ રહ્યા છે, ધનિક લોકો ગરીબ ઘરની તરૂણી કે યુવતીને ઉપભોગ સમજી રહ્યા છે, અને અનેક સમાજ વિરૂધ્ધના કામ કરતાં આ જાનવર જોવા મળે છે, અને રાજકીય નેતાઓના સહારે તેઓ હમેશા નિર્દોષ જ જાહેર થાય છે. આજની ફિલ્મમાં એક ધનિક વ્યકિતને તેના પરિવાર કરતાં ધનનો મોહ વધુ છે, અને તે એક જાનવર જેવુ જીવન જીવી રહ્યો છે તેવી કહાની લઈ એસ હરદીપના નિર્માણ અને ભપ્પી સોનીના નિર્દેશનમાં, શૈલેન્દ્ર, હસરત જઈપૂરી અને ફૈઝ અહમેદ ફૈઝના લખેલ ગીતો અને શંકર જય કિશનના યાદગાર સંગીત સાથેની આ ફિલ્મમાં પૃથ્વી રાજ કપૂર, શમ્મી કપૂર, રાજશ્રી, રહેમાન, શ્યામા, રાજેન્દ્રનાથ, રાધિકા, કૃષ્ણ ધવન, અસિત સેન, અચલા સચદેવ અને મનમોહનનો અભિનય છે. આ ફિલ્મ ૧૯૬૫ની છઠા નંબરની સુપર હિટ ફિલ્મ રહી, ફિલ્મનું બજેટ ૭૦ લાખ અને નફો ૧ કરોડ પચાસ લાખનો થયો.




હિન્દી સિનેમામાં શમ્મી કપૂર એક એવા સુપર સ્ટાર બન્યા જેમના અભિનયને અનુલક્ષીને પહેલા કથા તૈયાર કરવામાં આવતી અને ત્યારબાદ બીજા કલાકારોને સ્થાન આપવામાં આવતું હતું. શૈલેન્દ્ર, હસરત, શંકર જયકિશનની સાથે રફી સાહેબનો સ્વર અને હીરો શમ્મી કપૂર એટેલ ફિલ્મ સફળ તેમ કેહવાતું હતું. આજની ફિલ્મની કથા પણ શમ્મીને ધ્યાનમાં લઈ લખવામાં આવી છે, જે સચિન ભૂમિકે લખી છે. પૃથ્વી તેના બે પુત્રો રહેમાન અને શમ્મી અને પત્ની અચલા સાથે અમીર જીવન શૈલીથી જીવે છે. પૃથ્વીને ધન વધુ પ્રિય છે, અને ગરીબો પ્રત્યે નફરત છે. રહેમાન એક ગરીબ યુવતી શ્યામાને ચાહે છે, તે રેહમાનના સંતાનની માતા પણ બનવાની છે, ત્યારે પૃથ્વી તેનું અપમાન કરી દે છે, શ્યામા જીવનનો અંત લાવવા જઈ રહી છે, કારણ કે રેહમાન પણ તેના પિતાના ડરથી તેને છોડી જતો રહ્યો છે. બીજી તરફ શમ્મી એક ગરીબ યુવતી રાજશ્રીને પ્રેમ કરે છે, રાજશ્રીના પિતા પૃથ્વીને ત્યાં નોકરી કરે છે, પૃથ્વી તેમને નોકરીથી છૂટા કરી દેવાની ધમકી આપી રાજશ્રીના લગ્ન બીજે કરી દેવા દબાણ કરે છે , રાજશ્રી શમ્મીને શ્યામા સાથે જોઈ જાય છે, અને તે પણ જીવનનો અંત તરફ જતી હોય છે, પણ તે એક હોસ્પિટલમાં નર્સ રૂપે સેવા આપવાનું નક્કી કરે છે. શમ્મી રેહમાન જે એક વેશ્યા અને શરાબના વ્યસનમાં ડૂબી ગયો છે, તેમાંથી તેને બહાર કાઢી અને શ્યામા સાથે મેળવે છે. પૃથ્વી રેહમાન અને શમ્મીના પ્રેમને સ્વીકારવા તૈયાર નથી, શમ્મીને એમ છે કે રાજશ્રીએ આત્મહત્યા કરી લીધી છે, પૃથ્વીનો પરિવાર તેને છોડી જતો રહે છે, અને તેનો નોકર પૃથ્વીને કહે છે કે તે કોઈ અમીર બાપનું સંતાન નથી પણ તેના પિતા એ અનાથ આશ્રમથી તેને લાવેલ છે, પૃથ્વીને પાશ્ચયાતાપ થાય છે, તે પરિવારને ફરી એક કરવા માંગે છે, અને તેમાં સફળ થાય છે, રેહમાન -શ્યામા અને શમ્મી અને રાજશ્રીનું મિલન થાય છે.

ફિલ્મના ગીતો, મેરી મુહબત જવા રહેગી, સદા રહી હે ...અને લાલ છડિ મેદાન ખડી, અને સદા બહાર ગીત, તુમ સે અચ્છા કૌન હે .. આજે પણ રફી સાહેબના યાદગાર ગીતોની યાદીમાં છે. રાજેન્દ્રનાથ દર્શકોને હસાવવામાં સફળ રહે છે. ફિલ્મમાં એક દ્રશ્યમાં શમ્મી ભાડૂતી કારમાં ટ્રાફિક સિગ્નલ તોડે છે, અને તે સમયે ત્યાં મોટર સાઈકલ પર એક પોલીસ તેનો પીછો કરી તેને પકડી લે છે. આ તે સમયનું ભારત હતું, જયાં ટ્રાફિકના સિગ્નલ પર આટલી સરસ વ્યાવસ્થા હતી, આજે સી સી ટી વી કેમેરા પણ છે, ટ્રાફિક પોલીસ પણ છે, છતા, લોકો વાહન ગમે તેમ ચલાવે છે, પણ પોલીસ કશું કરી શકી નથી. આપણાં અમરેલીમાં તો ટ્રાફિક પોલીસ વ્યવસ્થાના બદલે રસ્તા પર મોબાઈલ જોતાં જોવા મળે છે, અને જનતા પારાવાર મુશ્કેલીઓ સહન કરે છે. મેરા ભારત મહાન. આગામી અંકમાં સુનિલ દતની સુપર હિટ પારિવારિક ફિલ્મ સાથે મળીશું. આભાર.હિતેશ જોશી.

## "શાશ્વત સુખી તે છે, બીજાને આનંદ આપે,સદા સુખી વહી જો, ઔરો કો સુખી કરે"

### સુખી અને સાર્થક જીવનનું રહસ્ય




**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

ખરી આનંદની અનુભૂતિ ત્યારે જ થાય છે જયારે બીજાને મદદ કરીએ. એક શબ્દ એવો બોલીએ. સામેનાં દિલમાં ખૂશીનાં દીવો ઝળહળે..!

શહેરની એક જાણીતી હોસ્પિટલમાં ખબર પૂછવા અમે મિત્રો ગયા હતા. વેઈટીંગ રૂમની દીવાલ ઉપર મોટા અક્ષરે સૂચના લખી હતીઃ ૧. એક યુવાનને સર્પ કરડયો હતો. એક દિવસની સારવાર પછી હસતો હસતો ઘરે ગયો એક બહેનને ખેતરેથી વિછી કરડી ગયો હતો. બે દિવસની સારવાર પછી હસતા હસતા ઘરે ગયા છે. ૩. એક માણસને માણસ કરડયો છે. ચાર વરસથી દાખલ થયો છે. હજુ હોસ્પિટલમાં છે. કયારે સાજો થશે તે ખબર નથી. મિત્રે મને પૂછયું – "આ કેવું વિચિત્ર ?" માણસ, માણસને કરડે ? મેં કહ્યું માહીસ માણસને જ કરડે છે તેથી જ બધા પ્રશ્નો થાય છે. કરડવાનો અર્થ એટલે માણસ માણસનું અપમાન કરે, દ્વેષ કરે, ગુસ્સો કરે, ન કહેવાનાં શબ્દો કહે વગેરે..! શબ્દોનાં તીર માણસના હદય વીંધી નાખે છે. તેમાંથી દુઃખની જવાળા માણસના મન, હદય, શરીરને બાળ્યા કરે છે. દુઃખના આંસુ ટપકયા કરે છે. કહ્યું છે ને શબ્દ શબ્દ તું કયા કહે ? શબ્દો કો ન હાથ પાંવ એક શબ્દ ઘાયલ કરે. એક શબ્દથી જીવન તરે અપમાન, દ્વેષ, ગુસ્સો વગેરે કયારેય ભૂલતા નથી ફરસ પરની લાદીની જેમ હદયમાં ડંખ માર્યા કરે છે. સંબંધોની નદી સૂકાવા લાગે છે. તીરે ઊભેલા તમાશો જુએ છે. કોઈ મદદ કરતું નથી. પરંતુ મદદનું રિમોટ કન્ટ્રોલ આપણા હાથમાં છે. આપણી પાસે શસ્ત્રો છે ક્ષમા, પ્રેમ, કરૂણ મૈત્રી ભાવ. માફી આપવી હેતથી ખભા ઉપર હાથ રાખી માફી માગવી, માફી આપથી વેરથી વેર વધે છે. ક્ષમા ભાવથી સંબંધો સોહામણા બને છે. પળ વારમાં જ ઝેર ઉતરી જાય છે. ચાલો આપણે દર્દી પાસે જઈએ અને ઝેર ઉતારવા પ્રયત્ન કરીએ. અહંકાર, અણ સમજ, અજ્ઞાનવશ માણસ ભૂલ સ્વીકારણો નથી. સમા માગતો નથી. ક્ષમા આપતો નથી. વેરનો અગ્નિ સમય સાથે સળગ્યા કરે છે. તેથી બલ્ડપ્રેશર, ડાયાબીટીઝ. ડીપ્રેશન એસીડીટી વગેરે અનેક રોગનો જન્મ થાય છે માણસના નેવું નેવું ટકા રોગ માનસિક હોય છે. જેને સારા કરવા આપણા હાથમ સુખની ચાવી આપણા હાથમાં છે. આપણે ઉપયોગ કરવા. ક્રોધ. અભિમાનનો ત્યાગ કરી સમજવુ જોઈએ. સમજાવવા જોઈએ. પૃથ્વી પટ ઉપર ચાલવું આ વિરાટ નાટકનાં આપણે સૌ પાત્રો છીએ. કયારે પડદો પડશે અને કબીરનો દરવાજો ખુલશે છે કોઈને ખબર નથી."હું શા માટે માફી માગું ? મારી કયાં ભૂલ છે ? હું શા માટે નમતું મૂકુ ? વગેરે અહંકારના શબ્દો જિંદગીને કરવતની જેમ ઓછી કરે છે. આ નાટકનો સુખદ સુંદર અંત દરેક માણસ નિષ્ઠાથી પ્રયત્ન કરે તો જગતનાં તમામ યુધ્ધોનો અંત આવી જાય તમે જે નાટક જોવા જાઓ છો તે પાત્રો કરે તે પાત્રો શીખવાડેલું બોલતા હોય છે. આપણે અહીં એક સુંદર, સરસ પાત્રનો રોલ ભજવવાનો છે. આપણે પણ કોઈ જોઈ રહ્યા છે એક શબ્દ એવો બોલીએ જેમાં લાગણી ઝરમર વરસે એક એવા સંબંધોના પુલ બાંધીએ જે કદી ધરાશાઈ ન થાય ગમે એટલો બોજો પડે તો પણ ન તૂટે સંબંધોને પ્રેમની શોધ વડે શાંધી દો. જિંદગીનો રસ્તો ઉબડખાબડ છે જ તેથી સંભાળ રાખી ચાલીએ એકબીજાના હાથ મજબૂત સ્નેહથી પકડી રાખીએ. કાળની કેડીએ આપણો ઘડીક સંગ છે. આ સંગને પ્રેમના રંગથી રંગી દઈએ જે રંગ કદીપણ ઉડી ન જાય પ્રભુએ પ્રેમનો પ્રસાદીરૂપ જન્મ આપી અપેક્ષા રાખે છે કે જે હોઈએ ત્યાં આપણે શ્રેષ્ઠ, ઉત્તમ પાત્રનો અભિનય દોરી કરીએ. અભિનયનો અર્થ છે સુંદર, સરસ તરફ દોરી જવું આપણો જન્મ, જીવન સાર્થક કરવા સઘળે ઉતમ શ્રેષ્ઠ સુંદર સર્વોને હિતકારી સુખી કરવા લક્ષ્ય રાખવાનું છે. સૌ સુખી થાઓ સૌનું શુભ થાઓ. એવી પ્રાર્થના આપણે શીખ્યા છીએ."મંત્રીભાવનું પવિત્ર ઝરણું !" ગીત આવડે છે. આપણે જીવનમાં અમલ કરવાનો છે યસ કેન યુ ડુ ઈટ ? યત યુ કેન ડુ ઈટ ફિલ્મમાં ટૂકડે ટુકડે શુટીંગ થાય છે. તેમાં રિટેક થઈ શકે છે. જીવનમાં રિટેકને અવકાશ નથી. તેમ છતાં આપણે જયાં દ્વેષ, વેર, ગેરસમજ કરી હોય તો ક્ષમા, પ્રેમ, સૌજન્ય સદ્ભાવ દ્વારા પ્રેમથી સંબંધો રીટેક કરી જોડી શકાય છે. આપણા પૃથવી ઉપર ચાલતા નાટકનો અંત સુખદ લાવવા સમજદારી રાખી રોલ ભજવીએ. ઈશ્વર રાજી થશે. ઈશ્વર તમારી સાથે રહેશે... જે બીજાનું ભલુ કરે છે તેનું ભલું ઈર કરે છે.! જે ખરાબ વર્તન, ખરાબ સમય ક્યારેય ભૂલાતો નથી પણ તે માટે પ્રેમનું ઔષધ છે જ પૂજાલાલ પટેલની નવલકથા માનવીની ભવાઈ વાંચી હશે દરેકે વાંચવી જોઈએ. ઉપેન્દ્ર ત્રિવેદીએ તો માનવીની ભવાઈ ઉપરથી પિકચર બનાવ્યું છે ફિલ્મને નેશનલ એવોર્ડ મળ્યો છે. ઉપેન્દ્ર ત્રિવેદીએ કાળુનું પાત્ર ભજવ્યું હતું. પાત્ર સાથે તાદાત્મ્યતાથી અભિનયનો અનેરો આનંદ થયેલો તેમ લખે છે. એ કળ ાની સાર્થકતા છે. પાત્ર સાથે એકરૂપ થવું હે સાર્થકતા છે. આપણે પણ આ પૃથ્વીના વિશાળ સ્ટેજના પાત્રો છીએ. નાણે ઉત્તમ પાત્ર ભજવવા પૈસાની જરૂર નથી. હોદ્દાની જરૂર નથી. આપણે જયાં હોઈએ ત્યાં સારૂં ઉત્તમ, નિષ્ઠાથી બીજાને ગમે, બીન રાજી થાય તેવું જીવન જીવવા માટે આપણા હાથની વાત છે એક નાનો શ્રમજીવી પણ ઉત્તમ માનવ બની શકે, જેની જીબ મીઠી તેની ઘેર ઘેર ચિટ્ઠી, જેની જીભ ઝેરી તેનો મલક આખો વેરી બધાને પ્રેમ કરવો વધાનુ સહન કરવું વિશાળ હદય રાખી બધાને શુભ સંકલ્પ દ્વારા આપણું જીવન સાર્થક કરવા સંકલ્પ કરીએ. (અપૂર્ણ)

## 'સમજણ એ જ નારાયણ'

### "શ્વાસની સાંકળ તમે છૂટ્ટી મૂકો છો પણ, હર ઘડી બંધાય છે, એ સાવ જૂદું છે."



**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

જીવન એ ઈશ્વરની દેન છે ! કયારેક કયારેક તો શાંતીથી વિચારજો ચોકકસ અહેસાસ થશે કે માનવદેહ લઈને આ જગત ઉપર અવતરવાથી લઈને જગત છોડી જવા સુધીની યાત્રા, આ પ્રવાસ અને અહિંયાનું (પૃથ્વીનું) સઘળું સઘળુ સઘળું કેટલું અદ્ભુત છે, એ તો આપણે મૂર્ખ છીએ કે આળસમાં, ગફલતોમાં અને આડોળાઈમાં ઘૂંચવાઈને, ખોટી અપેક્ષાઓ પાછળ દોરવાઈને આ ઈશ્વરની અદ્ભુત રચના સમાન સૃષ્ટિ અને માનવજીવનને સાચા અર્થમાં માણી જાણી કે પીછાણી નથી શકતાં અન્યથા આવી આ પૃથ્વી, પર્યાવરણ, માનવદેહ, સંસાર, સંબંધો અને તમામ સગવડો, સાધનો ફરી પાછા કયારે, કેવી રીતે કયા સ્વરૂપમાં કેટલા પ્રમાણમાં અને કેમ મળશે ? આ વિચારો પણ ભીરતથી ઘણું બદલી દેશે. જરૂર વિચારજો.


આપણે ત્યાં વેદો પુરાણોમાં કહેવાયું છે કે માણસને કુદરતે નિશ્ચિત કરેલાં શ્વાસો મળ્યાં છે, જયાં સુધી આ શ્વાસો પુરા ન થાય ત્યાં સુધી માણસને કોઈ મારી નથી શકતુ અને જેવા આ શ્વાસ પુરા થઈ જાય પછી કોઈ બચાવ નથી શકતું કુદરતે જીવન માટેની બોર્ડર ને બાઉન્ડ્રી તો બાંધી આપી માણસની સૌથી મોટી ભૂલ એ છે કે તેને ભાડે મળેલી આ સૃષ્ટિમાં પોતાનું માલિકીપણું દેખાવા લાગ્યું ! કુદરતનાં વણલખ્યાં અનેક નિયમો છે. જેને અવગણો, ઉથાપો કે અમો અવરોધો ઊભા કરો, એટલે કુદરત વળતો જવાબ આપે આપે અને આપે જ !

અમૂલ્ય માનવજીવનને અંગત સ્વાર્થ, લાભ, મોહક્મંદ અને માયાનાં બંધનોમાં બંધાઈને માસણ વેડફવા લાગ્યો ! ધીમે ધીમે પર્યાવરણને, કુદરતી તત્વોને, તેની ચેનલને ડીસ્ટર્બ કરવા લાગ્યો ! પ્રત્યેક શ્વાસ, પ્રત્યેક ક્ષણ, પ્રત્યેક ઘટકનું પોતાનું આગવું મહત્વ છે ! તે વાતને જે ભૂલી જયારે માણસ બેફામ બન્યો, ત્યારે અનેક કુદરતી આફતોનું નિર્માણ થવા લાગ્યું સૃષ્ટિનું સંતુલન ડીસ્ટર્બ થયું ત્યારે અરાજકતા પણ વધી લાભપાંચમનાં દિવસે ધોધમાર વરસાદ પડતાં કયારેય કોઈએ જોયો છે ? પછી તો કુદરતની પણ સહનશકિત ખૂંટે જ ને ? પાણી માથેથી ઉપર ન જતાં રહે તે માટે સૌએ વિચાર્યુ જ રહ્યું નકકર પગલાંઓનો અમલ અનિવાર્ય છે !

ત્યારે ડો. મુકુલ ચોકસીનાં શે'ર ખુબ પ્રાસંગિક લાગે છે કે,"ભરાઈ ગઈ'તી એની પીઠ આખી જયમાંથી
બધાને લાગ્યુ કે બહુ મજબુત એની છાતી છે,
જીવન થકી જ જણાયું કે અહીં મરણ પણ છે,
થઈ મરણને લીધે જ જાણ કે હયાતી છે."

## લીલીયા : માત્ર ધોરણ ૧૦ પાસ મહિલાએ શરૂ કર્યો બિઝનેસ, મહેનતથી બદલાઈ ગઈ કિસ્મત

અમરેલી જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં આજે મહિલાઓ આત્મનિર્ભરતાની નવી દિશામાં આત્મવિાસ સાથે આગળ વધી રહી છે. પરંપરાગત રીતે ખેતી અને ઘરકામ સુધી સીમિત રહેલી મહિલાઓ હવે નાના ઉદ્યોગો શરૂ કરીને પોતાની અલગ ઓળ ખ ઉભી કરી રહી છે. યોગ્ય તાલીમ, માર્ગદર્શન અને દઢ મનોબળના સહારે ગ્રામીણ મહિલાઓ આર્થિક રીતે સશકત બની રહી છે, જે આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરતી પ્રેરણાદાયક તસવીર રજૂ કરે છે.



આવી જ એક પ્રેરણાદાયક કહાણી લીલીયા તાલુકાના ગોડાવદર ગામની મમતાબેન ગજેરાની છે. માત્ર ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરેલા મમતાબેન અગાઉ ખેતી અને ઘરકામ સુધી જ સીમિત હતા. પરિવારની જવાબદારીઓ અને રોજિંદા કામકાજ વચ્ચે તેઓ પણ અન્ય ઘણી મહિલાઓની જેમ પોતાના સપનાઓને દબાવીને જીવતા હતા. પરંતુ આજે પોતાની મહેનત અને કૌશલ્યના બળે મમતાબેન સફળ મહિલા ઉદ્યોગસાહસિક બની ચૂકૂયા છે અને ગામની અનેક મહિલાઓ માટે પ્રેરણાસ્રોત બન્યા છે મમતાબેન જણાવે છે કે તેમને SBI RSETI (રૂરલ સેલ્ફ એમ્પ્લોયમેન્ટ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ) દ્વારા સાબુ બનાવવાની વ્યવસાયિક તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ તેમના જીવનમાં મહત્વપૂર્ણ વળાંક સાબિત થઈ. તાલીમ દરમિયાન સાબુ બનાવવાની રીત, યોગ્ય કાચા માલની પસંદગી, ગુણવત્તા જાળવણી, પેકિંગ તેમજ માર્કેટિંગ અંગે વિગતવાર માર્ગદર્શન મળ્યું. તાલીમ પૂર્ણ થયા બાદ તેમણે ઘરેથી જ નાના પાયે સાબુ બનાવવાનો વ્યવસાય શરૂ કર્યો.

આજે મમતાબેન ૨૫થી વધુ પ્રકારના હર્બલ સાબુ બનાવે છે. તેમાં એલોવેરા, લીમડો, ગુલાબ, ચંદન, હળદર, મોગરા સહિત વિવિધ સુગંધ અને ઔષધીય ગુણો ધરાવતા સાબુનો સમાવેશ થાય છે. કેમિકલ મુકત અને ત્વચા માટે સલામત હોવાને કારણે તેમના સાબુની માંગ માત્ર ગ્રામ્ય વિસ્તારોમાં નહીં પરંતુ શહેરી વિસ્તારોમાં પણ વધતી જઈ રહી છે. લોકો સ્વાસ્થ્યપ્રદ અને કુદરતી ઉત્પાદનો તરફ વધુ વળે છે, જેના કારણે મમતાબેનના ઉત્પાદનોને સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

મમતાબેન છેલ્લા એક વર્ષથી નિયમિત રીતે સાબુ બનાવી રહ્યા છે. હાલ તેઓ મહિને આશરે ૫૦,૦૦૦ રૂપિયાના સાબુનું વેચાણ કરે છે. આ આવકથી તેમના પરિવારની આર્થિક સ્થિતિ મજબૂત બની છે. અગાઉ નાની જરૂરિયાતો માટે પણ અન્ય પર નિર્ભર રહેવું પડતું હતું, જયારે આજે તેઓ આત્મનિર્ભર બની પોતાના પરિવારને સહારો આપી રહ્યા છે. સાથે સાથે અન્ય મહિલાઓને પણ આત્મનિર્ભર બનવા પ્રોત્સાહન આપી રહ્યા છે.

મમતાબેન ગજેરાની આ કહાણી સાબિત કરે છે કે શિક્ષણની મર્યાદા ક્યારેય સફળતાની મર્યાદા બની શકતી નથી. સાચી તક, યોગ્ય તાલીમ અને અડગ આત્મવિાસ હોય તો ગ્રામીણ મહિલાઓ પણ પોતાના સપનાઓને સાકાર કરી શકે છે અને સમાજ માટે પ્રેરણારૂપ બની શકે છે.

# ॥ રામ સત્ય તુમ જો કછુ કહહુ, તુમ પિતુમાતુ બચનરત અહહુ ॥

આ રીતે અનેક જીવો પર પ્રભુની કૃપા વરસતી જ રહી છે. ઘણી વાર કોઈ આ રીતે તકલીફમાં હોય તો ભગવાન પાસે પોતાના દુ:ખ રજુ કરી કૃપાયના કરતા ત્યારે તેમને જળ મંત્રીને પણ આપતા. એક બોટલમાં જળ ભરાવી ખુલ્લી બોટલ પોતાની નજર સમક્ષ મૂકાવતા અને સહજ રીતે, ''મેં કુછ જાનતા નહીં યે લગ માનતે નહીં ?'' તે રીતે ત્રણ ચાર વાર બોલી બોટલ બંધ કરાવી આપી દેતા અને તેથી ઘણાંને લાભ થતો. આવા પ્રસંગે એમ પણ બોલતા, '' ભાઈ શરીર રોગોકી ખાન હૈ, ગૃહસ્થ શોકોંકી ખાન હૈ.'' પરંતુ ભગવાનની છત્રછાયામાં, 'દૈહિક, દૈવિક ભૌતિક તાપા, રામરાજ નહીં કાહુહિ વ્યાપા.''

ચિત્રકૂટ નેત્રયજ્ઞ દરમ્યાન ગાંડપણની લીલા બાદ બીજા દિવસે વોર્ડમાંથી પરવારી દર્શને ગયા. બધા બેઠા હતા તેમાં એક બહેન ભગવાનની સામે બેઠા બેઠા હાથમાં રાખેલ બેટરી ચાલુ બંધ કરતા હતા. આ જેઈ કહ્યું, ''તુમારી ઉંમર કિતની હૈ ?'' લગભગ સત્તર વર્ષના બહેન હતા. ભગવાને કહ્યું, ''કામ તો પાંચ સાલકે બાલક જૈસા કર રહી હો. બિના કારણ ટોર્ચ ચાલુ બંધ કયો કરતી હો ?'' આ રીતે ઝીણી ઝીણી દરેક બાબતો પ્રત્યે ધ્યાન ખેંચતાં. નેત્રયજ્ઞના બાંધકામમાં પણ સૂતળીને નાના નાના ટુકડાઓ જોડીને તેને કામમાં લેવા જણાવતા. એક ખીલી પણ સાચવી રાખવા કહેતા. ધર્માદાની એકપાઈને પણ દુરૂપયોગ થવા દેતા નહીં. ત્યાં સુધી કે કોઈ મિઠાઈનું પેકેટ લાવી ધરાવતું ત્યારે તેના પર વીંટાળેલે દોરો પણ સારી રીતે વીંટાળીને સાચવવા કહેતા અને જરૂર પડતાં યાદ રાખી તેને ઉપયોગ પણ કરાવતા. ૧૯૫૩માં ગુના નેત્રયજ્ઞમાં એક દિવસ શાકભાજીને હિસાબ જેતા કહેલું, '' અરે યહ કયા ? પન્દ્રહ રૂપિયે કા હર ધનિયા ? યહાં પર સેવા કરને આયે હે તે કયાં પન્દ્રહ દિને ધનિયે કે બિના નહીં ચલા સકતે ? યહ ધર્માદાકા પૈસા હે.'' ગુજરાતી રસોડામાં અચાનક જઈ દાળ, શાકના તપેલા ખોલી જોતા અને કહેતા ઈતના તેલ ? ડિબ્બા હી ઉલટ દેતે હો કયા ? ગુડ ખાય ઘોડા ઔર તેલ પિયે જોડા, થોડા તો વિચાર કરે.'' તે દિવસે એક બહેનને ભગવાને અમુક વ્રત કરવા બાબત જણાવ્યું ત્યારે મેં કહ્યું, 'ઘભગવાન મેં તો કોઈ ભી વ્રત નહીં કરતી.'' મને કહ્યું, ''તુમ હરિતાલિકા (કેવડાત્રીજ) કા વ્રત કિયા કરો.'' મેં પૂછયું, ''ભગવાન ઉસમેં કયા કરના હોતા હૈ.'' તે કહ્યું, '' નિર્જલ વ્રત કરના એર કુછ ભી નહીં.'' પરંતુ રામહિં માતુ બચન સબ ભાયે, જિમિ સુરસરિગત સલિલ સુહાયે । કેવડાત્રીજની વાર્તાની ચોપડી વાંચતા, તેમાં જાગરણ કરવાનું લખ્યું હોવાથી ઘેર આખી રાત એકલી બેઠી બેઠી આખે માનસજીનો પાઠ કરી જતી.


તે જ દિવસે રાત્રે એક ભાઈ ભગવાનના એક સરખા આઠ–દસ ફોટા લઈ સહી કરાવવા આવ્યા. ભગવાને પૂછયું, ''ઈતિને ફોટોકા કયા કરોગે ? તેમણે કહ્યું, ''ભગવાન યે મેરી માસી કે લિયે, ફઈબા કે લિયે, મામા કે લિએ, મિત્ર કે લિયે'' વિગેરે.







સંપાદક : મહેન્દ્ર સી.જોષી
(નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય: પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)



ભગવાને પહેલા જ ફોટામાં સહી કરી. ''યદિ અપને ગુરૂ કે હી કિસીકો દે દોગે તો ફિર તુમારે પાસ કયા રહેગા.'' એમ લખી બીજા ફોટા એમ જ પાછા આપ્યા. તે ભાઈ તે દિવસે સવારે ભગવાનની આજ્ઞા લઈ શ્રી કામદગીરિની દંડવત્ પરિક્રમા કરવા ગયેલા અને આશીર્વાદ માંગેલા કે ભગવાન પરિક્રમા પૂરી કરાવી દેજો. રાત્રે તેઓ થાકેલા આવ્યા. ભગવાને પૂછયું, ''કયોં પરિક્રમા પૂરી હો ગઈ ?'' નિરાશાથી કહ્યું, ''ભગવાન સાવ થોડા માટે રહી ગઈ અર્ધો ફલાગ માંડ બાકી હશે પરંતુ છેલ્લે મારાથી ઉઠાતુ પણ નહોતું. તેથી આવતો રહ્યો.'' ભગવાને તેમને નિરાશ જોઈ કહ્યું, '' અચ્છા મૈં કહતા હૂં ન પૂરી હો ગઈ બસ.'' તે સાંભળતાની સાથે તેઓ બોલી ઉઠ્યા, ''ભગવાને તો પછી આ ભાઈ પાસેથી મને સો રુપિયા આપાવો.'' આ સાંભળી ચકિત થઈ પૂછ્યું, ''કયોં ?'' ''ભગવાન, મૈં તેમની સાથે શરત લગાડેલી,'' ભગવાન હસવા લાગ્યા કહ્યું, '' ઈસીલિયે તુમારી પરિક્રમા અધુરી રહ ગઈ.'' પણ તમે કહ્યું ને પૂરી થઈ ગઈ. ''દેખો વૈસે અધૂરી રહી પર તુમ ઈનકે પૈસે નહીં દેના ઔર મેરે કહેને સે પૂરી હો ગઈ પર તુમ ઈસસે લેના નહીં.''

હવે તો નેત્રયજ્ઞમાં ધીરે ધીરે દર્દીઓની સંખ્યા વધવા લાગી. વારાફરતી થોડો સમય મળતાં દર્શને જતા, ત્યારે કોઈને કોઈ કારણસર દ્વાર બંધ રહેતા. નિરાશ થઈને પાછા ફરતાં. આ રીતે એક બે દિવસ નહીં અઠવાડિયું નીકળી ગયું. પછી તે ધીરજ ન રહી. એક દિવસ અમે બંન્ને બહેને વાત કરતા હતા કે આજે રાત્રે આપણે સૂવાની બે ગાળી લઈને સૂઈ જશું તો શાંતિથી ઉંઘ તે આવી જાય. કારણુ આટલે દિવસ દર્શન ન થતાં રાત્રિએ નિરાશામાં ઉંઘ ન આવતી અને પછી દિવસે કામ પણ થઈ શકતું નહીં. અમે દર્દીઓને આરામ માટે પચ્ચીસ મિલીગ્રામની લાર્જેકટીલની બે ગોળી આપતા. તેઓ લગભગ ત્રણ કલાક આરામથી સૂઈ શકતા. તેથી આ વિચાર કરેલો. આ વાત એક

રામહિં ચિતૈ રહે નરનાહ, ચલ બિલેચલ વારિપ્રવાહ । ભાઈએ સાંભળી અને અમને ખબર વિના તેઓ ભગવાન પાસે જઈ સેવામાંના બહેનોને કહી આવ્યા કે રમાબેન મરવાની ગોળી ખાઈ ગયા છે. થોડીવાર થતાં એક પછી એક બે ત્રણ જણાં બોલાવવા આવ્યા. ઘણી જ ખુશી થઈ કે ભગવાને મને યાદ કરી ખરી. સાથેના બહેન પણ ખુશ થઈ કહેવા લાગ્યા, મને પણ બોલાવવા કહેજો. બોલવવાનું કારણ તે હું જાણતી નહોતી. ભગવાન પાસે જતાં રૂમની બહાર ઊભેલો સમૂહ કાંઈક વિચિત્ર રીતે સામે જોતો હતો પણ હું સમજી ન શકી. અંદર રૂમમાં ગઈ. ભગવાન દરવાજો બંધ કરવાનું કહેતી વખતે બોલ્યા, '' ઈસકી મા કો બુલાવ.'' પછી ગુસ્સાથી બોલ્યા, ''કયોં કિતની ગોલી ખાઈ હૈ મરનેકે લિયે ?'' હું તો આ સાંભળી ગભરાઈ જ ગઈ. ડરતાં ડરતાં પૂછ્યું, ''ભગવાન, કૈસી ગોલી ? મૈંને તો કોઈ ગોલી ખાઈ નહીં.'' તો કહ્યું, ''જૂઠ બોલતી હૈં ? મેરે પાસ ખબર આઈ હૈ.'' આપ તો અંતર્યામી હો ફિર ભી વિસ ન હો તેં અપને પાસ બિઠા રખીએ કુછ હોગા તો આપ દેખેંગે ના ? મેં તો રાત્રે સૂવાને માટે બે ગેળી લીધેલી તે સાડીને છેડે બાંધેલી હતી. હું રડી પડી. ભગવાન બહાર જતા રહ્યા. હવે ખ્યાલ આવ્યો કે બહાર બધા વિચિત્રતાથી કેમ જતા હતા ? એટલામાં મારા બા રડતા રડતા આવ્યા. મેં તેમને કહ્યું, ''શું છે ? શા માટે રડે છે ? કોઈની વાત ન સાંભળ.'' ભગવાન પાસે રહેતા એક બહેન અંદર આવી મને સમજાવવા લાગ્યા, ''રડવાનું શું ? ભૂલ તો થાય. ભગવાન આપણને ન કહે તો કોણ કહે ? કબૂલ કરી લેવાનું વિગેરે.'' અરે પણ શું કબુલ કરૂં ? મને તે એ જ નથી સમજાતું કે આવી વાત ફેલાવનાર છે કોણ ? તેમણે સરળતાથી કહ્યું, ''જો રમા, ભગવાનને તો મેં વાત કરેલી પણ મને જેણે કહ્યું છે તેનું નામ હું નહીં આપું કારણ એમણે મને સોગંદ આપ્યા છે.'' અંતે છૂપું કયાં સુધી રહી શકે ? તે વ્યકિત પોતે જ બધાને પૂછતા રહેતા, આમાં મારૂં નામ ક્યાંય નથી આવ્યું ને ? એથી સમજાઈ ગયું. જો કે હજુ સુધી મેં તેમને આ બાબતમાં કશું કહ્યું નથી પણ એ ભાઈ સામે આવતાં ડરે છે. આવી વ્યકિતઓને અમુક બહેને પૈસા વિગેરે આપતા રહેતા હોવાથી તેઓને સારૂં લગાડવા માટે આવું બધું વર્તન કરતાં રહેતાં. પૈસાથી શું નથી થતું ? આજે પણ આવી વ્યકિતને જે મદદ કરે તેમને સારૂં લગાડવા માટે તેઓ સાચું ખોટું કરતાં હોય છે.

રામ સરિસ સુત કાનનયોગ, કહા કહહિં સુનિ તુમ કહં લેગુ ।

પછી તો ભગવાને બીજીવાર બોલાવી શાંત કરી અને હું મારા કામે જતી રહી. આ રીતે હસતાં રડતાં નેત્રયજ્ઞ પૂરો થયો. ભગવાનની આજ્ઞા પ્રમાણે જયપુર જવાનું થયું. જતી વખતે ફરી પાછા ક્યારે દર્શન થશે તેમ પૂછતાં જણાવ્યું, ''હો સકા તો બહુત જલ્દી બુલાઉંગા.'' મેં કહ્યું, ''ભગવાન, ઐસા તો આપ હંમેશા કહતે હો પર આજ તક કભી બુલાઈ હૈ ?'' ભગવાને જવાબ લખી આપ્યો,''યહ મૈં જાનતા હું સમાસુને મૈ હૃદય સે પ્રયત્ન તો કરતા હું પર વાતાવરણ ઈતના તંગ હૈ કિ સબ જૂઠે પડતે હૈ. તુમ પ્રસન્ન રહ સકો તો બસ.''જયારે પણ ઉત્સવ કે નેત્રયજ્ઞથી સમૂહ વિદાય થતો ત્યારે ભગવાન ગુજરાતી રસોડામાં ભજીયાની કઢી બનાવરાવતા અને બોલતાં, ''કઢી પકોડી બેસન કી રસ્તા પકડો સ્ટેશન કી.'' ચિત્રકૂટમાં વધારે રહેવાની કોઈ ઈચ્છા દર્શાવતા તે કહેતાં,

''આ ટેકા ઘાટા નહીં,
ઘી કે નહીં હૈ દરશન,દાલ મિલે
કભી કભી, પડે રહો બરસન''

ઉત્સવ પછી તો આશ્રમમાં સાધુઓને બપોરે ભોજનમાં દાળ રોટી જ અપાતી શાક તો ક્યારેક હોય કારણ જંગલ ખરૂં ને ? મોટા ભાગે તો સાધુઓ હમેંશા એકવાર ભોજન લેતા હેય છે.

(૫૨) મોં પર કૃપા કરિય અબ સ્વામીજયપુર ગયા બાદ બસ એ જ નિત્ય કાર્યમાં લાગી ગઈ. થોડા દિવસ તો જરાપણ ગમે નહીં. હવે તે ઘરમાં વધારે જણાં હોવાથી કામમાં સમય વધારે પસાર થઈ જતો. બાકીના સમયમાં અનુકૂળ તા પ્રમાણે નિત્ય નિયમ કરતી. થોડા દિવસો ગયા બાદ ભગવાનનો પત્ર આવ્યો.

# *ધ્યાન– તબીબી વિજ્ઞાનની દ્રષ્ટિએ–૨*

***પ.પુ.ગરૂદેવના ચરણોમાં સમર્પીત..***

**ગતાંકથી ચાલુ....**

આજના માનવીની આધી, વ્યાધિ અને ઉપાધિ માટે દવા કે ડોકટરી ઉપચારો કરતાં ધ્યાનની આવશ્યકતા વધુ છે. ધ્યાન એટલે કોઈપણ વિચારના વંટોળ કે વમળ વિનાની શુધ્ધ જાગ્રુત અવસ્થા. વિચાર હંમેશા ગતિમાન હોય છે. એ ગતિમાન ન હોય તો વિચાર જીવંત રહી શક્તો નથી. માનસિક સ્વચ્છતા અને સ્વસ્થતા માટે મન –મેનનો અભ્યાસ જરૂરી છે. ઉંઘ આપણને અંશત : શારીરિક આરામ આપી શકે છે, પરંતુ માનસિક આરામ તો જવલ્લે જ – ઉંઘમાં મળે છે. માનસિક આરામ ધ્યાન વિના અસંભવ છે.

જેમ આપણા ખોરાકનો ઘણો બધો ભાગ શરીરને બિનજરૂરી હોય છે, તે જ પ્રમાણે મનને પોષણ આપવા માટે પણ બહુ ઓછા વિચારની જરૂર છે. વળી જેમ એક જ ભોજન અને બીજા ભોજન વચ્ચે અંતર હોવું જરૂરી છે. તેમ એક વિચાર અને બીજા વિચાર વચ્ચે પણ અવકાશની જરૂર હોય છે.

જેમ શરીર અતિ આહારને કારણે કબજીયાતથી પીડાઈ છે તે જ પ્રમાણે મન કુવિચાર અને અતિવિચારથી માનસિક કબજીયાતગ્રસ્ત રહી વ્યગ્ર કે ઉગ્ર સ્વભાવથી પીડાઈએ છીએ. જેમ આપણે ખોટા ખાનપાનની સહેલાઈથી આદત પડી જાય છે અને પછી તેને જ આપણે સાચો આહાર માનવા લાગીએ છીએ, જેમ આપણે આંતરડામાં પુષ્કળ કચરો લઈને ચાલતી ફરતી કચરા પેટી જેવા બની ગયા છીએ તે જ પ્રમાણે આપણા મસ્તિષ્કમાં પણ પારાવાર કચરો સંઘરીને આપણે માનસિક દબાણ અને તાણના ભોગ બનીએ છીએ.

કચરો આંતરડાનો હોય કે મસ્તિષ્કનો, આપણે એને સહેલાઈથી છોડતા નથી. શારીરિક ઉપવાસને આપણી રોજીંદી આવશ્યક્તા છે. રોજ બાર કલાક ઉપરાંત આપણે કોઈપણ ખોરાક ન લેવો જોઈએ. તે જ રીતે રોજ




થોડી મિનિટોનો માનસિક ઉપવાસ પણ કરવો જોઈએ. માનસિક ઉપવાસ ધ્યાનથી આપણે આપણા મુળ સ્વભાવ તરફ વળીએ છીએ. એ મુળ સ્વભાવમાં જ શાંતિ હોય છે. એ સ્વભાવ નિસર્ગદત છે, સહજ છે. ધ્યાનથી જ આપણે સ્વાસ્થ્યમાં પોતાને સ્થાપિત કરી શકીએ છીએ. એ માટે બીજો કોઈ ઈલાજ છે જ નહીં.

તબીબી વિજ્ઞાનની દ્રષ્ટિએ ધ્યાન દરમિયાન વ્યક્તિનાં શરીર તથા મનની જુદી જુદી




પ્રણાલીઓ – અંત : સ્ત્રાવી, ચયાપચય, સનતંત્ર, રૂધિરાભિસરણતંત્ર, જ્ઞાનતંતુઓ, ચેતાતંત્ર વગેરે પર ઘનિષ્ટ અસરો પડે છે. લોહીના વિવિધ પરીક્ષણો તથા ECG,EEG,MRI,Rcbf, SPECT વગેરે જેવી અધ્યતન ટેકનોલોજીથી શરીરના જુદા – જુદા અવયવોમાં જુદા જુદા ફેરફારો નોંધાયા છે. સૌથી વધુ નોંધપાત્ર અને જાણીતા ફેરફારોની અહીં ચર્ચા કરી છે.**(૧) શરીરમાં પ્રાણવાયુનો (ઓકસીજન) નો વપરાશ ઘટે છે :–** ધ્યાન દરમ્યાન વ્યક્તિના શરીરમાં પ્રાણવાયુનો વપરાશ દશથી વીસ ટકા જેટલો ઘટી જાય છે. ધ્યાનની શરૂઆતની ત્રણ મિનિટ દરમ્યાન જ ઓકિસજનના વપરાશમાં આટલો બધો ઘટાડો થાય છે, જે બીજી કોઈ રીતે કરવાનું શકય નથી. માણસ શાંતિપુર્વકની ઉંઘ દરમ્યાન પણ ઓકિસજનની જરૂરિયાતમાં માત્ર આઠ ટકા જેટલો જ ઘટાડો કરી શકે છે અને તે પણ ઉંઘ શરૂ થયા પછી ચાર – પાંચ કલાક બાદ !! કોરોનાની સેકન્ડ વેવમાં ઓકસીજનની અછતથી જે પરેશાની ભોગવી છે તેનાથી આપણે વાકેફ છીએ, આવનારો યુગએ વાયરસનો યુગ રહેવાનો છે અને વાયરસનું મહતમ સંક્રમણ સનતંત્ર ઉપર ફેલાય છે એનો અર્થ એ છે કે આવનારા યુગમાં આપણે જો સ્વસ્થ રહેવું હશે તો, સનતંત્રને મજબુત રાખવું પડશે અને શરીર ઓકસીજનનો સંગ્રહ વધુમાં વધુ કરે અને વપરાશ ઓછો કરે તેવું કરવું પડશે અને તે સૌથી વધુ ધ્યાન થી શકય બને છે.

**(૨) માનવ – મગજના ઈલેકિટકલ તરંગો શાંતિનો નિર્દેશ આપે છે :–** માનવ મગજમાં સતત ઈલેકિટ્રકલ ગતિવિધિઓ ચાલુ હોય છે અને જુદી જુદી પ્રવૃતિ દરમ્યાન જુદા જુદા પ્રકારના ઈલેકિટ્રક તરંગો નોંધાય છે. આલ્ફા, બીટા, ડેલ્ટા અને થીટા આ ચાર પ્રકારના તરંગો સામાન્ય રીતે ઈલેકટ્રોઈન્કેફેલોગ્રામ(ઈ.ઈ.જી.) ની તપાસમાં નોંધાય છે. તંદુરસ્ત વ્યક્તિની જાગૃતિ અવસ્થા દરમ્યાન સામાન્ય રીતે બીટા તરંગો (દર સેકંડે ૧૪ થી ૨૨ આવૃતિવાળા) ઉદભવે છે.




આંખ બંધ કરીને શાંતિથી બેસવાથી આલ્ફા તરંગો ( ૮ થી ૧૩ પ્રતિસેકંડ આવૃતિવાળા ), ગાઢ નિંદ્રામાં ડેલ્ટા તરંગો (૩ થી ૫ પ્રતિસેકંડ આવૃતિવાળા ) આવે છે. એક વર્ષથી નાના બાળકમાં ડેલ્ટા તરંગો વધુ હોય છે, પછી જેમ એ મોટો થાય એમ થીટા તરંગો અને ત્યારબાદ આલ્ફા તરંગોનું પ્રમાણ વધતુ જાય છે. ઉંઘ દરમ્યાન થીટા અને ડેલ્ટા પ્રકારના તરંગો ઉપરાંત વચ્ચે વચ્ચે આંખના ડોળાના હલનચલન અને સ્વપ્ન સાથે સંકળાયેલ ઝડપી તરંગો પણ જોવા મળે છે. જયારે ધ્યાન કરતી વ્યક્તિમાં આલ્ફા તરંગોનું પ્રભુત્વ રહે છે અને ધ્યાન પુરૂ થયા પછી પણ આ તરંગો મગજમાં ઉદભવ્યા કરે છે. આલ્ફા તરંગો સામાન્ય રીતે માનસિક શાંતિ અનુભવતા લોકોમાં જોવા મળે છે.

**(૩) શરીરમાં થાક – ચિંતા માટે જવાબદાર રસાયણો ઘટે છે :–** ધ્યાન કરવાથી શરીરમાં થાક અને ચિંતા સાથે સંકળાયેલ રસાયણ લેકિટક એસિડનું પ્રમાણ નોંધપાત્ર પ્રમાણમાં ઘટે છે. ધ્યાન શરૂ કર્યાની દશ જ મિનિટમાં લેકટિક એસિડનું પ્રમાણ ઘટવા માંડે છે, અને ધ્યાન પુરૂ થયા પછી પણ આ પ્રમાણ લાંબા સમય સુધી ઓછું રહે છે ! લેકિટક એસિડનો માનસિક ચિંતા સાથેનો સબંધ દર્શાવતા એક અભ્યાસમાં એવું જણાયુ હતુ કે જે લોકોને લેકિટક એસિડનું ઈન્જેકશન આપવામાં આવે એ બધામાં ચિંતાનું પ્રમાણ ખુબ વધી જાય છે. જો લેકિટક એસિડ વધવાથી ચિંતા વધતી હોય તો ધ્યાન કરીને લેકિટક એસિડ ઘટવાથી શાંતિનો અનુભવ થાય એ સ્વાભાવિક છે.

**(૪) હૃદયના ધબકારા અને શ્વાસો શ્વાસની ગતી ઘટે છે :–** ધ્યાન કરવાથી હૃદયની અને શ્વાસો શ્વાસની ગતિ ઘટે છે. ધ્યાન કરતાં પહેલાના હૃદયના ધબકારામાં સરેરાશ દર મિનિટે ત્રણ ધબકારાનો / મિનિટનો ઘટાડો નોંધાયો. એ જ રીતે શ્વાસો શ્વાસનો દર પણ ઘટતો જણાયો. જયારે માણસ ટેન્સનમાં કે ' લડો અથવા ભાગોની પ્રતિક્રિયામાં હોય ત્યારે હૃદયના ધબકારા અને શ્વાસો શ્વાસની ગતિ વધે છે. જેનાથી બિલકુલ વિપરિત અસર ધ્યાનથી જોવા મળે છે.

શરીરને બાહ્ય આફતથી બચાવવા માટે જરૂરી લડો અથવા ભાગોની પ્રતિક્રિયાની જેમ જ શરીરને આંતરિક નુકશાન અને વધુ પડતા તાણથી બચાવવા માટે વિશ્રાંતિની પ્રતિક્રિયા હાજર જ હોય છે. માત્ર જરૂર છે એ માટે નિયમિત પ્રયત્ન કરવાની. આજના ઝડપી યુગમાં સતત અનેક દિશાઓમાં – અનેક વિચારોમાં ખોવાયેલ મગજને વિશ્રાંતિની જરૂર રહે છે જે ઓછા સમયમાં અસરકારક રીતે પુરૂ પાડવાનું કામ ધ્યાન કરી શકે છે. રીલેકસેશન માટે કામ બંધ કરી વેકેશન પર ઉતરી જવાની જઢર નથી, જરૂર છે માત્ર ચાલુ કામ દરમ્યાન ટી બ્રેકને બદલે મેડીટેશન બ્રેક લેવાની. કેટલીક મોટી કંપનીઓમાં (પશ્ચિમના દેશોમાં ) આવી પ્રથા શરૂ થઈ રહી છે જેમાં એકિઝકયુટિવ્સ, મેનેજરો અને કર્મચારીઓ માટે ૧૫ – ૨૦ મિનિટની ધ્યાનની બેઠક રોજ રાખવામાં આવે જેથી કર્મચારી માનસિક શાંતિ અનુભવે અને એમની કાર્યક્ષમતામાં વધારો થાય. ઈન્ફોસીસ કંપની જયારે શરૂ થઈ અને ખુબ પ્રગતી કરી ત્યારબાદ અમુક સમય પછી એવું જોવામાં આવ્યુ કે કંપનીના ઓફીસરો / કર્મચારીઓમાં ડીપ્રેશન અને માંદગીનું પ્રમાણ ખુબ જોવા મળ્યુ, ત્યારબાદ કંપનીના ચેરમેનશ્રી નારાયણમુર્તીએ સર્વે કારાવ્યો કે ઈન્ફોસીસમાં તમામ કર્મચારીને સારામાં સારૂ ફુડ આપવામાં આવે છે, બેસ્ટ મેડીકલ સુવિધા આપવામાં આવે છે છતાં કેમ કર્મચારીમાં ડીપ્રેશન અને માંદગીનું પ્રમાણ જોવા મળે છે ? સર્વેમાં એવું તારણ નિકળ્યુ કે એક જ પ્રકારનું કામ અને સ્પર્ધામાં ટકી રહેવાની હરિફાઈ કર્મચારીને બીમાર પાડે છે ! ત્યારબાદ ઈન્ફિસીસ કંપનીમાં ધ્યાન સેન્ટર શરૂ કરવામાં આવ્યુ અને કર્મચારીને એવું કહેવામાં આવ્યુ કે તેના નોકરીના સમયમાં જયારે મન પડે ત્યારે મેડીટેશન બ્રેક લઈ શકે છે, ધ્યાનના સમયને પણ નોકરીના સમયમાં ગણવામાં આવશે. ધ્યાન સેન્ટર શરૂ કર્યાના ત્રણ મહીના બાદ કંપનીના અધીકારી / કર્મચારીનું




ડીપ્રેશન – માંદગીનું પ્રમાણ ૭૦ % ઘટી ગયુ. આમ, શરીરને માનસિક તાણથી બચાવવા માટેનો ભારતીય સંસ્કુતિનો સદીઓ જુનો અને અનુભવ પુરસ્કુત યોગ અને ધ્યાનનો માર્ગ બધાએ વહેલો મોડો અપનાવવો જ પડશે.

# મોટા આંકડીયા ગામની પ્રગતિશીલ મહિલાએ અંજીરની ખેતી દ્વારા કમાણી શરૂ કરી



અમરેલી તાલુકાના મોટા આંકડિયા ગામની પ્રગતિશીલ મહિલા ખેડૂત વિલાસબેન દિનેશભાઈ સવસિયાએ પરંપરાગત ખેતીની સીમાઓને પાર કરીને બાગાયતી ખેતીમાં અંજીરની ખેતી કરી અને તેમાંથી વિવિધ મૂલ્યવર્ધિત પ્રોડક્ટ બનાવી આજે લાખો રૂપિયાની આવક મેળવી રહી છે. પ્રાકૃતિક ખેતીના સિદ્ધાંતો અપનાવી તેમણે ખેતીને માત્ર ઉપજ સુધી સીમિત ન રાખી, પરંતુ પ્રોસેસિંગ અને માર્કેટિંગ દ્વારા તેને એક સફળ વ્યવસાયમાં પરિવર્તિત કરી છે. વિલાસબેન સવસિયાએ માત્ર ધોરણ ૧૦ સુધી અભ્યાસ કર્યો છે, પરંતુ તેમની દ્રઢ ઈચ્છાશકિત અને સતત મહેનતે તેમને સફળ ઉદ્યોગ સાહસિક બનાવી છે. હાલ તેઓ પાંચ વીઘા જમીનમાં પ્રાકૃતિક પદ્ધતિથી અંજીરની ખેતી કરે છે. શરૂઆતમાં તેમણે તાજા અંજીરનું વેચાણ કર્યુ, પરંતુ સમય જતાં બજારની માંગ અને ગ્રાહકોની પસંદગીને સમજતા તેમણે અંજીરમાંથી વિવિધ પ્રોડક્ટ બનાવવાનું શરૂ કર્યું. અંજીરની ચટણી, જામ, જેલી અને મીઠાઈ જેવી વસ્તુઓને લોકો તરફથી સારો પ્રતિસાદ મળતા તેમણે વ્યવસાયને વધુ વિસ્તૃત કરવાનો નિર્ણય લીધો. આજના સમયમાં ગિફટ આપવાનો ટ્રેન્ડ સતત બદલાઈ રહ્યો છે. લોકો હવે પરંપરાગત મીઠાઈ કે ફૂલોના બદલે કંઈક અલગ, આરોગ્યદાયક અને અનોખી ગિફટ આપવા ઈચ્છે છે. આ વિચારને ધ્યાનમાં રાખીને વિલાસબેને અંજીરની પ્રોડક્ટ પરથી આધારિત ખાસ ગિફટ બોક્સ તૈયાર કર્યો. આ બોક્સમાં અંજીરમાંથી બનાવેલી છ અલગ–અલગ ફલેવરની વસ્તુઓ રાખવામાં આવે છે, જેમાં ચટણી, જામ, જેલી અને મીઠાઈની છ બરણીઓનો સમાવેશ થાય છે. ગિફટ બોક્સની સાઈઝ અને સામગ્રી પ્રમાણે તેનો ભાવ૧,૦૦૦ થી ૨,૦૦૦ સુધી રાખવામાં આવ્યો છે. લગ્ન, તહેવાર, શુભ પ્રસંગો અને કોર્પોરેટ ગિફિટંગ માટે આ બોક્સની ખાસ માંગ છે. વિલાસબેન જણાવે છે કે દર મહિને અંદાજિત ૫૦,૦૦૦ થી ૭૦,૦૦૦ સુધીનું વેચાણ માત્ર ગિફટ બોક્સમાંથી થાય છે, જયારે વાર્ષિક અંજીરની વિવિધ પ્રોડક્ટનું કુલ વેચાણ ૨૦ લાખ સુધી પહોંચે છે. પ્રાકૃતિક ખેતી અપનાવવાથી ઉત્પાદન ખર્ચ ઘટ્યો છે અને પ્રોડક્ટની ગુણવત્તા વધતાં ગ્રાહકોનો વિાસ પણ મજબૂત થયો છે. ખુલ્લી બજારમાં તેમજ ઓર્ડર આધારીત વેચાણથી તેમણે પોતાનું એક અલગ બ્રાન્ડ નામ ઊભું કર્યું છે. ગામની એક સામાન્ય મહિલા ખેડૂતથી સફળ ઉદ્યોગ સાહસિક બનવાની વિલાસબેનની સફર અનેક મહિલાઓ માટે પ્રેરણારૂપ છે. આજે વિલાસબેન સવસિયાની સફળતા સાબિત કરે છે કે યોગ્ય વિચાર, મહેનત અને નવીનતા સાથે ખેતી પણ ઊંચી આવકનું સાધન બની શકે છે. તેમની આ કહાણી ગ્રામિણ મહિલાઓને આત્મનિર્ભર બનવાની દિશામાં આગળ વધવા માટે માર્ગદર્શક બની રહી છે.

# અમરેલી : ગજેરા કેમ્પસ વિદ્યાસભા જ્ઞાનશકિત સ્કૂલ ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ''વીર બાળ દિવસ'' કાર્યક્રમ યોજાયો











અમરેલી તારીખ ૨૬મી ડીસેમ્બર ૨૦૨૫ના રોજ અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ – વિદ્યાસભા ખાતે વિર બાળ દિવસની ગૌરવસભર ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સમાજના દરેક નાગરિકમાં વીરતા, સાહસ, દેશપ્રેમ, બલિદાન અને રાષ્ટ્રીય ગૌરવની ભાવનાઓને ઉજાગર કરવાનો રહ્યો. વિશેષમાં પ્રેરણાત્મક ગેલેરી દ્વારા બાળકોમાં નવી પ્રેરણા લાવવાનો પ્રયાસ કરાયો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લા પ્રાંત અધિકારી નાકિયા, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, યુવા અને સાંસ્કૃતિક વિભાગ કચેરી, જિલ્લા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના અધિકારીઓ તેમજ જિલ્લા કક્ષાની સ્પોર્ટ્સ સ્કૂલના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન બાળકોને પ્રોત્સાહિત કરતા મહાનુભાવોએ વીર શહીદોના બલિદાનને યાદ કરી નવી પેઢીને દેશ માટે સમર્પિત જીવન જીવવાની પ્રેરણા આપી. વિર બાળ દિવસની ઉજવણી અંતર્ગત તાજેતરમાં નેશનલ સ્તરે મેડલ પ્રાપ્ત કરી સમગ્ર અમરેલી જિલ્લાનું નામરોશન કરનારા ૭ નેશનલ મેડાલિસ્ટ ખેલાડીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. ખેલાડીઓની સિદ્ધિઓને બિરદાવતા વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે ઉત્સાહ અને રાષ્ટ્રીય કક્ષાએ આગળ વધવાની ભાવના જગાવવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ – વિદ્યાસભા સંચાલિત જ્ઞાન શકિત રેસિડેન્સિયલ સ્કૂલ ઓફ એક્સેલેન્સના વિદ્યાર્થીઓ અને સ્ટાફની વિશાળ ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ અવસરે સંસ્થાના ટ્રસ્ટી ચતુરભાઈ ખૂંટ તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દ્વારા શિક્ષણ સાથે સંસ્કાર, શિસ્ત અને રમતગમતના સંયોજનથી સશકત અને દેશભકત નાગરિક ઘડવાની સંસ્થાની પ્રતિબદ્ધતા ફરી એકવાર ઉજાગર થઈ. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ વીર બાળ દિવસની સૌને હાર્દિક શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે ''આ ઉજવણી દરેક બાળકમાં દેશપ્રેમ, સાહસ અને ગૌરવની ભાવના જગાવે છે.''

### ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના DLSS ખેલાડીએ

## સૌરાષ્ટ્ર ઝોન હેન્ડબોલ સ્પર્ધામાં ટીમે સુવર્ણ પદક મેળવી ગૌરવ વધાર્યુ

### સંસ્થાનાં ટ્રસ્ટીગણે ખેલાડીઓને શુભેચ્છા પાઠવી



અમરેલી, તા. ૨૭

તારીખ : ૧૪ થી ૧૬ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ખેલ મહાકુંભ ૨૦૨૫ સૌરાષ્ટ્ર ઝોન હેન્ડબોલ સ્પર્ધાનું આયોજન સોમનાથ, ગુજરાત મુકામે થયું હતું, જેમાં સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૫ ટીમોએ ભાગ લીધેલ હતો. જેમાં અમરેલી જિલ્લાની ટીમમાંથી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ અમરેલી જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલના (DLSS) ખેલાડી યુ–૧૭ ભાઈઓની ટીમોએ ભાગ લીધો. જેમાં ૧) વંશ કાકડિયા, ૨) સિદ્ધાર્થ બારૈયા, ૩) નૈતિક બંભરોલીયા, ૪) સૂર્યદીપસિંહ વાઘેલા, ૫) હાર્દિક ડાભી, ૬) વિજય શિયાળ, ૭) હાર્દિક મેણીયા, ૮) વિજય સોલંકી, ૯) આદિત્ય ભડાણીયા, ૧૦) અરૂણ વેગડ, ૧૧) ઈશાન રાઠોડ, ૧૨) રાહુલ બારૈયા હેન્ડબોલ ટીમે સુવર્ણ પદક પ્રાપ્ત કરી સિધ્ધી હાંસલ કરેલ છે. શાળા પરિવાર અને તેમજ અમરેલી જિલ્લાનું નામ સૌરાષ્ટ્ર ઝોન કક્ષાએ રોશન કરેલ. નોંધનીય છે કે વિદ્યાર્થીઓને દરેક રમત ગમતમાં નિયમિત પ્રેક્ટિસ માટેનું મજબૂત પ્લેટફોર્મ સંસ્થા તરફથી પૂરૂં પાડવામાં આવે છે. જેથી વધુ સારી રીતે રમત–ગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓ ઉજ્જવળ સિધ્ધીઓ પ્રાપ્ત કરી રહયા છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ હેન્ડબોલ ખેલાડી ટીમ તેમજ કોચ રવિભાઈ નાવડિયા અને ટ્રેનર કમલેશભાઈ ભાલીયા, ભૂમિબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

## અમરેલીના અદ્ભૂત સાપ પ્રેમી નિવૃત્ત શિક્ષક ડાભી સાહેબ



અમરેલી, તા. ૨૭

સાપનું નામ સાંભળતાં જ ભલભલાં લોકોને પરસેવો વળી જાય છે. ત્યારે અમરેલીમાં રહેતાં એક નિવૃત શિક્ષક જીવનાં જોખમે કોઈપણ જાતની ફી વિના કોબ્રા સાપ હોય કે બિનઝેરી સાપ હોય તેનું રેસ્ક્યુ કરે છે. અગાઉ બે વખત કોબ્રાનું રેસ્ક્યુ સમયે આ નિવૃત શિક્ષકને સાપે દંશ મારી દેતાં તેઓ કેટલાય દિવસ સુધી હોસ્પિટલમાં રહેવું પડ્યું હતું. તેમ છતાં તેઓ આજે પણ સાપને બચાવવા માટે દોડી જાય છે.

અમરેલીમાં રહેતાં બાબુભાઈ ડાભી એક નિવૃત શિક્ષક છે. તેઓ ગમે ત્યારે કોઈપણ સમયે સાપ નીકળ્યાં અંગેનો ફોન આવે તો દિવસ હોય કેરાત, ઠંડી હોય કે ગરમી હોય કે પછી હોય ધોધમાર વરસાદ, પોતે ગમે તેવા કામમાં હોય તો તે પણ અધુરા છોડી અને પોતાના ઘરનું વાહન લઈ અને નીકળી પડે છે. અને સાપનું રેસ્ક્યુ કરી અને તે સાપને ડબ્બામાં પુરી તે સાપને અવાવરૂ અને પાણીની નજીકના સહી સલામત સ્થળે છોડી દે છે. તેઓ જણાવે છે કે, તે સાપથી લોકોને નથી બચાવતાં પણ લોકોથી સાપને બચાવવા માટેની કેટલાય વર્ષોથી આ કામગીરી કરી રહયાં છે. આજ દિન સુધીમાં કોઈ પણ જાતનાં સાપ પકડવા માટે કોઈ પણ વ્યકિત પાસેથી એક પણ પૈસા ફી લીધી નથી.

પાના ૧ ઉપરનું ચાલું **સાવરકુંડલા–આંબા માર્ગ ઉપર**

સામેથી મોટર સાયકલ જેના નં. જીજે–૦૯–ડીબી–૬૭૨૪ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી માનવ જીંદગી જોખમાય તેરીતે ચલાવી યુવકના ભાઈ સાથે ભટકાવી યુવકના જમાઈને નાની મોટી ઈજાઓ કરી તેમજ યુવકના ભાઈ મિથુનભાઈ મૃત્યુ નિપજાવી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **ધારી અને લીલીયા પંથકમાં**

મધ્યપ્રદેશના વતની અને હાલ લીલીયા તાલુકાના પાંચતલાવડા ગામે રહેતી હંસાબેન પપ્પુભાઈ નાહરૂભાઈ પચાયા નામની ૨૮ વર્ષીય પરિણીતાએ ગત તા.૨૬ ના સવારના આશરે ૭ વાગ્યે પાંચતલાવડા ગામે ભરતભાઈ ઉકાભાઈ ખુંટની વાડીએ કોઈ કારણોસર પોતાની મેળે ઝેરી દવા પી જતા તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસરકાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **ખાંભાનાં નાના વિસાવદરમાંથી**

સમયમાં અમરેલી જિલ્લાના બુટલેગરો વિદેશી દારૂનો મોટો જથ્થો ઉતરતાં હોય છે. જેને લઈ સ્ટેટ મોનીટરીંગ સેલનાં ડી.આઈ.જી. નિર્લિપ્ત રાયને મળેલ બાતમીનાં આધારે સ્ટેટ મોનીટરીંગ સેલના પી.એસ.આઈ. સહિતનાં સ્ટાફને જરૂરી સુચના આપતાં ગઈકાલે મોડી રાત્રે અમરેલી જિલ્લાનાં ખાંભા તાલુકાના નાના વિસાવદર ગામની સીમમાં આવેલ હોળીધાર ખોડિયાર મંદિર નજીક ખરાબાની ખુલ્લી જમીનમાં વિદેશી દારૂ તથા બીયરનું કટિંગ ચાલું હતું. ત્યારે જ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ ત્રાટકી હતી અને અફડા તફડી મચી જવાં પામી હતી.

સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા સ્થળ ઉપરથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂ તથા બીયરની બોટલ નંગ ૧૨,૭૨૬ કિંમત રૂપિયા ૫૯,૬૪,૩૯૦, દારૂની હેરફેર માટે રાખવામાં આવેલ વાહન નંગ ૪ જેમાં ટાટા ટ્રક નંબર જી.જે.–૦૩ બીઝેડ–૦૧૮૧ કિંમત રૂપિયા ૨૦,૦૦,૦૦૦ તથા પીકઅપ ડાલુ નંબર જી.જે.–૩૨ ટી–૨૧૯૯ જેની કિંમત રૂપિયા ૮,૦૦,૦૦૦ તથા બીજું પીકઅપ ડાલુ નંબર જી.જે.–૧૦ ટીવી–૯૫૧૨ જેની કિંમત રૂપિયા ૮,૦૦,૦૦૦ તથા ત્રીજા પીકઅપ ડાલુ નંબર જી.જે.–૦૩ બીડબલ્યુ–૨૯૨૩ જેની કિંમત રૂપિયા ૮,૦૦,૦૦૦ તથા ગાદલા નંગ ૭૦ કિંમત રૂપિયા ૧,૦૫,૦૦૦ જે તમામની કુલ કિંમત રૂપિયા ૧,૦૪,૬૯,૩૯૦ સાથે આરોપી ગારીયાધાર ગામે રહેતાં તનવીરહુસેન નાસીરહુસેન સૈયદને ઝડપી લીધો હતો.

જયારે નહી પકડાયેલ ૧૦ આરોપી પૈકી ટ્રકનો ચાલક માલીક તથા પીકઅપ ડાલુના ચાલક માલીક, અજાણ્યો મોટર સાયકલ ચાલક, ટ્રકનું પાયલોટીંગ કરનાર તથા દેખરેખ રાખનાર, બાકીનાં દારૂ ભરવા માટે પીકઅપ ડાલામાં આવનાર તથા દારૂ ભરેલ ટ્રકમાં સાથે આવનાર અજાણ્યા ત્રણ ઈસમો તથા દારૂનો જથ્થો ખાંભા તાલુકાના નાના વિસાવદર ખાતે મંગાવી કટિંગ કરનાર તથા દારૂનો જથ્થો મોકલનાર તથા તપાસમાં મળી આવે તે તમામ સામે ખાંભા પોલીસમાં ફરિયાદ નોંધાવી આગળની તપાસ હાથ ધરેલ છે.

### જીવદયા પ્રેમીની જાગૃતતાથી

## સાવરકુંડલા : શેલ નદીનાં પુલ પાસેથી ક્રુરતાપૂર્વક લઈ જવાતાં ૭ પશુઓ ઝડપાયા

### ટ્રક માલીક, ડ્રાઈવર સહિત સામે પોલીસ ફરિયાદ

અમરેલી, તા. ૨૭

સાવરકુંડલા તાલુકાના વંડા ગામે હવેલી પાસે, મેકડા રોડ ઉપર રહેતાં અને ફેબ્રિકેશનનો ધંધો કરતાં જીગ્નેશભાઈ ભોળાભાઈ બાંભણીયા નામનાં ૩૨ વર્ષીય યુવક પોતે જીવદયા પ્રેમી તરીકે મુંગા પશુ–પક્ષીની સેવા કરતા હોય અને તેઓને છેલ્લા આઠેક દિવસથી સતત માહીતી મળતી હોય કે, કોઈ અજાણ્યા ટ્રકમાં અજાણ્યા ઈસમો મુંગા માલઢોરની હેરફેર કરી કતલખાને લઈ જાય છે.

તે દરમ્યાન ગત તા. ૨૬ના રોજ સાંજે ૭:૫૫ વાગ્યે એક ટ્રક નં. જીજે–૦૪–એડબલયુ–૭૫૯૩ માં તાલ–પતરી બાંધેલો વંડાથી પસાર થતો હોય. તે ટ્રક ઉપર શક જતા આ ટ્રકનો પીછો કરી સાવરકુંડલા તાલુકાના શેલણા ગામે શેલ નદીના પુલ પાસે તે ટ્રકને પકડી પાડેલ હતો. તે ટ્રકની તલાશી લેતા આ ટ્રકમા ભેંસ જીવ નંગ–૬ તેમજ પાડો જીવ નંગ ૧ ને અતી ટુંકા દોરડાઓથી ક્રુરતાપુર્વક બાંધીને ખીચોખીચ ભરેલ હોય, અને ઘાસચારાની તથા પીવાના પાણીની પણ કોઈ વ્યવસ્થા વગર ભેસો તથા પાડો બાંધેલ હાલતમાં જોવામા આવેલ હતાં.

જેથી તેમણે ટ્રક નંબર જીજે–૦૪–એડબલયુ–૭૫૯૩ના ચાલક અકરમભાઈ ઉસ્માનભાઈ ડોડીયા રે.શિહોર વાળા ઈસમને આ પશુઓને ટ્રકમા ભરી હેરફેર કરવા કે વેચાણ કરવા બાબતની કોઈ પાસ પરમીટ હોય તો બતાવવાનું કહેતા ટ્રક ડ્રાઈવર ઈસમે પોતાની પાસે પશુ હેરફેર કરવા માટે સક્ષમ અધિકારીની પાસ પરમીટ નહી હોવાનુ જણાવેલ હતું. જેથી આ ટ્રકમાં ભેંસો તથા પાડાને ભરીને કતલખાને લઈ જવાનો તેમને શક પડતા આ ટ્રક ભેંસો તથા પાડા સાથે પકડી લઈ ૧૧૨ ઈમરજન્સી હેલ્પ લાઈનમા ફોન કરી પોલીસને જાણ કરેલ. જે ૧૧૨ ની ગાડી સ્થળ ઉપર આવેલ અને આ ટ્રકને વંડા પોલીસ સ્ટેશન ખાતે લાવેલ હતાં. મળી આવેલ પશુને અમરેલી પાંજરા પોળમા મુકવા માટે તજવીજ કરવામા આવેલ હતી. તેમજ કતલખાને ભેંસોને મોકલનાર ભેંસના માલીક તથા ટ્રક માલીક તથા ડ્રાઈવર સામે જીવદયા પ્રેમી જીગ્નેશભાઈ ભોળાભાઈ બાંભણીયાએ વંડા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પાના ૧ ઉપરનું ચાલું **લાઠીનાં ટોડા ગામે**

એક ઈસમે પાળી બાંધેલ હોય જે પાળીના કારણે તેણીના રહેણાંક મકાન બહાર શેરીમાં પાણી ભરાયેલ રહેતું હોય અને તેણીના રહેણાંક મકાનને નુકસાન થાય તેમ હોય. જેથી તેણીએ ગત તા. ૨૬ના આશરે સવારે ૭:૩૦ વાગ્યાની આસપાસ તે ઈસમને આ પાળી તોડી નાખવા બાબતે કહેતા આરોપી ભરતભાઈને સારૂ નહીં લાગતાં તેઓ તથા મુન્નાભાઈ રેવાભાઈ સોહલા, જેસાભાઈ રૂપાભાઈ સોહલા, વાસુરભાઈ હમીરભાઈ સોહલા, મેહુરભાઈ નાથાભાઈ સોહલા, ધમાભાઈ ભોપાભાઈ સોહલા, મુન્નાભાઈ સોમાભાઈ સોહલા તથા જેસાભાઈ રૂપાભાઈ સોહલા સહિત ૮જેટલાં આરોપીઓને સારૂ નહી લાગતા તમામ આરોપીઓ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી વાંસની લાકડી તથા લોખંડના પાઈપ જેવા હથીયારો સાથે આવી મહિલા સહિતનાંઓને શરીરે આડેધડ વાંસની લાકડી તથા લોખંડના પાઈપ વડે તેમજ ઢીકાપાટુથી માર મારી શરીરે ઈજાઓ કરી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૭૦ | ૧૩૩૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૧૦ | ૧૩૫૫ |
| ૩ | શિંગ મોટી | ૯૯૦ | ૧૪૦૭ |
| ૪ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૩૦ | ૨૩૩૫ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૪૯૦૦ |
| ૭ | જુવાર | ૧૦૧૫ | ૧૦૧૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૪૨ | ૫૪૭ |
| ૯ | ઘઉં લોકવન | ૫૨૫ | ૫૪૧ |
| ૧૦ | ચણા | ૭૨૦ | ૧૦૫૫ |
| ૧૧ | સફેદ ચણા | ૮૦૦ | ૯૮૦ |
| ૧૨ | છોલે ચણા | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૧૩ | કપાસ | ૮૦૦ | ૧૫૭૨ |
| ૧૪ | એરંડા | ૧૧૫૦ | ૧૩૧૫ |
| ૧૫ | જીરૂ | ૩૭૦૫ | ૩૯૬૦ |
| ૧૬ | ધાણા | ૧૬૦૦ | ૧૮૧૦ |
| ૧૭ | અજમા | ૧૨૫૦ | ૨૨૬૦ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૫૩૭ |
| ૨ | મગફળી | ૧૦૪૬ | ૧૩૨૧ |
| ૩ | સોયાબીન | ૮૦૧ | ૮૦૧ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૩૮૧ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૫૦ |
| ૪ | તલ કાળા | ૩૩૦૦ | ૩૭૫૦ |
| ૫ | જીરૂ | ૩૫૫૦ | ૪૦૭૫ |
| ૬ | કપાસ | ૧૧૫૦ | ૧૫૬૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૮૦ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૬૬૦ |
| ૧૦ | અડદ | ૭૫૦ | ૯૦૦ |
| ૧૧ | ચણા | ૮૫૦ | ૧૦૩૧ |
| ૧૨ | એરંડી | ૯૫૦ | ૧૧૦૦ |
| ૧૩ | સોયાબીન | ૭૧૦ | ૮૫૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૪૦ | ૧૫૭૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૦૨૦ | ૧૨૬૦ |
| ૩ | મગફળી | ૧૦૪૨ | ૧૩૨૮ |
| ૪ | તલ સફેદ | ૧૬૪૦ | ૧૯૯૦ |
| ૫ | જીરૂ | ૩૨૨૦ | ૩૮૯૦ |
| ૬ | ઘઉં | ૪૭૫ | ૫૪૫ |
| ૭ | ચણા | ૯૪૫ | ૧૦૮૫ |
| ૮ | અડદ | ૯૬૫ | ૧૧૯૫ |
| ૯ | સોયાબીન | ૭૯૫ | ૮૮૫ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૬૦૭ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૨ | ૫૧૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૯૭ | ૫૧૦ |
| ૪ | અડદ | ૯૨૫ | ૯૨૫ |
| ૫ | ચણા | ૯૫૦ | ૧૦૦૦ |
| ૬ | ધાણા | ૧૭૦૦ | ૧૮૬૦ |
| ૭ | મેથી | ૭૭૦ | ૮૧૦ |
| ૮ | સોયાબીન | ૭૦૦ | ૯૦૦ |
| ૯ | મગફળી | ૧૦૦૦ | ૧૦૨૦ |
| ૧૦ | કાંગ | ૩૦૦ | ૩૦૦ |
| ૧૧ | શીંગદાણા | ૯૩૫ | ૯૩૫ |
| ૧૨ | લસણ | ૧૬૪૫ | ૧૬૬૦ |
| ૧૩ | ચણા સફેદ | ૯૮૦ | ૯૮૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ૨ | ઘઉં | ૪૯૬ | ૫૦૫ |
| ૩ | ચણા | ૭૫૦ | ૯૦૦ |
| ૪ | ધાણા | ૧૫૧૦ | ૧૫૭૫ |
| ૫ | મેથી | ૮૫૦ | ૮૫૦ |
| ૬ | શીંગદાણા | ૧૧૩૦ | ૧૩૦૦ |
| ૭ | સોયાબીન | ૮૦૦ | ૮૫૫ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૩૪૦ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૭૮૧ |
| ૩ | તલ કાળા | ૨૩૦૦ | ૪૫૦૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૫૫૧ |
| ૫ | બાજરો | ૩૬૧ | ૫૬૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૧ | ૫૭૬ |
| ૭ | જુવાર | ૪૫૧ | ૧૧૧૨ |
| ૮ | મગ | ૮૭૨ | ૨૧૦૦ |
| ૯ | મઠ | ૮૫૧ | ૮૫૧ |
| ૧૦ | અડદ | ૧૩૨૫ | ૧૩૨૫ |
| ૧૧ | ચણા | ૬૯૧ | ૧૩૫૦ |
| ૧૨ | એરંડી | ૧૦૫૩ | ૧૦૫૩ |
| ૧૩ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૪ | સોયાબીન | ૬૦૦ | ૬૦૦ |

## કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં હસ્તે

# કુંકાવાવ ખાતે સુવિધા સભર બસ સ્ટેન્ડનું કરાયુ લોકાર્પણ

**કૃષિ રાહત પેકેજનાં ૧૦ હજાર કરોડમાંથી ૮.૩૩૯ કરોડ ખેડૂતોના ખાતામાં જમા થયા : વાઘાણી**

**અમરેલી જિલ્લો કતારબદ્ધ વિકાસ કાર્યો દ્વારા હરણફાળ ભરી રહયો છે : વેકરિયા**

**બગસરા અને ધારી ડેપોના વર્કશોપ નિર્માણનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ**

**રૂપિયા ૩૨૧.૭૨ લાખનાં ખર્ચે સુવિધા સભર બસ સ્ટેન્ડનું નિર્માણ કરાયુ**



અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લાના કુંકાવાવ મુકામે રાજયના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ લિ.ના નવ્ય પ્રકલ્પ કુંકાવાવ બસ સ્ટેશનનું લોકાર્પણ અને ધારી તેમજ બગસરા ડેપોના વર્કશોપનું ઈ-ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુંકાવાવ મુકામે યોજાયેલા સમારોહમાં મંત્રીઓએ કુંકાવાવ બસ સ્ટેશનનું લોકાર્પણ કરી નાગરિકોને જરૂરી એવી સુવિધા અર્પણ કરી હતી.

આ પ્રસંગે અમરેલી જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કુંકાવાવ જેવા નાના ગામમાં જે પ્રકારે અત્યાધુનિક બસ ડેપો તૈયાર થયો છે. આ પ્રકારના બસપોર્ટ, બસ સ્ટેશનની પરીકલ્પના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરી હતી. આજે રાજયના ગ્રામિણ વિસ્તારોમાં લાઈટ-રોડ રસ્તા, બ્લોક. નર્મદાના નીર સહિતની માળ ખાગત અને જરૂરી સુવિધાઓ પહોંચી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા મૂળમંત્ર સાથે ગુજરાત રાજય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં ગામડામાં આત્મા ગામડાનો સુવિધા શહેરનીનો સંકલ્પ ચરિતાર્થ થઈ રહ્યો છે.

તેમણે ઉમેર્યું કે, સહકારથી ખેતીમાં સમૃદ્ધિ લાવવા માટે કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં અનોખું મોડેલ ઘડી કાઢવામાં આવ્યું છે. રાજય સરકાર હરહંમેશ ખેડૂતોની પડખે છે. કમોસમી વરસાદની આફતમાં સહાયતાના ફોર્મ ભરવાનું પોર્ટલ બંધ થાય તે પહેલાં સહાય ચૂકવવાની શરૂઆત કરી દેવામાં આવી હતી. અત્યારસુધીમાં રાજય સરકારે જાહેર કરેલી રૂ. ૧૦,૦૦૦ કરોડની રાહત સહાયમાંથી રૂ. ૮,૩૩૯ કરોડ રાજયના ખેડૂતોના ખાતામાં જમા કરી દેવામાં આવ્યા છે. રૂ, ૧૫,૦૦૦ કરોડની ટેકાના ભાવની ખરીદીમાંથી રાજયના ૩,૮૦,૭૨૨ ખેડૂતોની રૂ. ૬,૦૧૨ કરોડની જણસોની ટેકાના ભાવે ખરીદી કરી લેવામાં આવી છે. ગત રવિ સિઝન કરતાં આ રવિ સિઝનમાં ૨૬,૦૦૦ મેટ્રીક ટન ડી.એ.પીની વધુ માંગ સૂચવે છે કે રાજયનો ખેડૂત સ્વમાનથી લડાયક મિજાજ સાથે ફરી બેઠો થઈ રહ્યો છે.

આ પ્રસંગે તેમણે પ્રભારી મંત્રીશ્રી તરીકે અમરેલી જિલ્લામાં થતા વિકાસ કાર્યોની ગુણવત્તાની ચકાસણી કરવા માટે નાગરિકોને પણ અનુરોધ કર્યો હતો. જે કામોમાં ગુણવત્તામાં બાંધછોડ જોવા મળશે તેમની સામે રાજય સરકાર કડક કાર્યવાહી કરશે તેવું તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

આ પ્રસંગે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ કુંકાવાવની વિકાસયાત્રાનો ચિતાર આપતા જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લો, અમરેલી વિધાનસભા મતવિસ્તાર રાજય સરકાર દ્વારા મોટાહાથે મંજૂર કરવામાં આવેલા કતારબદ્ધ વિકાસ કાર્યોથી હરણફાળ ભરી રહ્યો છે. કુંકાવાવમાં પ્રાથમિક શાળાઓ, સી.સી. રોડ, સનાળામાં નર્મદાના નીર, અત્યાધુનિક બસ ડેપો, અમરેલીથી કુંકાવાવ માર્ગને પહોંળા કરવાના કામ જેવા માળખાકીય કામો થઈ રહ્યા છે. આગામી ૧૦મી જાન્યુઆરીએ રૂ. ૬૭ કરોડના ખર્ચે પહોળા થનારા કુંકાવાવ અમરેલી માર્ગનું ખાતમુહૂર્ત થશે. રાજય સરકાર દ્વારા કુંકાવાવ મુકામે રૂ. ૩૨૧.૭૨ લાખના ખર્ચે ૦૪ પ્લેટફોર્મ ધરાવતું મુસાફરો માટેની બેઠક વ્યવસ્થા સાથેનો વેઈટીંગ હોલ, ટ્રાફીક કંટ્રોલર રૂમ, કેન્ટીન, વોટર રૂમ, પાર્સલ રૂમ, ઈલેક્ટ્રીક રૂમ, સ્ટોલ, રેસ્ટ રૂમ, લેડીઝ કંડક્ટર રૂમ, શૌચાલયની સુવિધા ધરાવતું બસ સ્ટેશન તૈયાર કર્યું છે. આ સાથે બસના સમારકામ સહિતની જરૂરી સેવાઓ માટે મેઈન્ટેનન્સ માટે આવશ્યક એવા ધારી ડેપો વર્કશોપનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું છે. ધારી મુકામે રૂ. ૬૫૮.૦૦ લાખના ખર્ચે અને બગસરા મુકામે અંદાજિત રૂ. ૬૪૮.૦૦ લાખના ખર્ચે આ બસ ડેપો વર્કશોપ તૈયાર થશે. જેમાં ટાયર રૂમ, બેટરી રૂમ, એડમીન રૂમ, સ્ટોર રૂમ,ઓઈલ રૂમ, ઈલેક્ટ્રીમ રૂમ, લોંગ પીટ, યુ પીટ, વોટર ઢમ જેવી સુવિધાઓ હશે. આમ કેબિનેટ મંત્રી વાઘાણી અને રાજયમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયાના વરદહસ્તે રૂ. ૧૬.૨૭ કરોડના વિકાસકાર્યોનું એસ.ટી. વિભાગના માધ્યમથી ખાતમુહૂર્ત અને લોકાર્પણ થયું હતું.

આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરિયા, બગસરા-ધારી- ખાંભા મતવિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયા, જિલ્લાપંચાયતના સભ્ય પુનાભાઈ ગજેરા, કુંકાવાવ તાલુકા પંચાયતના પ્રમુખ, પરશોત્તમ ભાઈ હીરપરા, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, પ્રાંત અધિકારી વડિયા-બગસરા, નંદા, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ-અમરેલી વિભાગીય નિયામક બી.ટી. પટેલ, અગ્રણી સર્વ અતુલભાઈ કાનાણી, મેહુલભાઈ ધોરાજીયા, વિપૂલભાઈ વાસાણી, મનિષભાઈ ઢોલરિયા, એપીએએમસી ચેરમેન ગોપાલભાઈ અંટાળા, સરપંચ સંજયભાઈ લાખાણી તેમજ આસપાસના વિસ્તારના સરપંચો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

---

### ''બાળ વિવાહ મુક્ત'' અંતર્ગત

## અમરેલી ખાતે કાનુની સેવા સત્તા મંડળ દ્વારા કાનુની શિબિર યોજાઈ

**પાઠક સ્કુલનાં આચાર્ય પણ ઉપસ્થિત રહ્યાં**



અમરેલી, તા. ૨૭

૨૭મી ડીસેમ્બર, ''બાળ વિવાહ મુક્ત ભારત'' સરકારના અભિયાન અંતર્ગત, અમરેલી ડીસ્ટ્રીક કોર્ટ દ્વારા કાનુની સેવા સત્તા મંડળ આયોજિત એક કાનુની શિબિર યોજાઈ, આ શિબિરમાં પાઠક સ્કુલના પ્રિન્સીપાલ ભાવેશભાઈ ભટ્ટ તેમજ નીતાબેન પટેલ, મનોજભાઈ પંડ્યા, સોનલબેન દવે, કોમલબેન ભટ્ટ, વસુંધરાબેન કટારીયા, નીધીબેન, રીનાબેન, સંજયભાઈ, સુમનભાઈ તથા અન્ય શિક્ષકોના સહયોગથી એડવોકેટ ેતાબેન ગોહિલ અને પી.એલ.વી. મુકેશભાઈ ભટ્ટ (સોનલ) દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું.

---

## ગઢીયા ગીરમાં દાન મહારાજની જગ્યામાં આજે સંતવાણી યોજાશે





ચલાલા તા, ૨૭

સૌરાષ્ટ્રની જગવિખ્યાત દેહાંણ દાન બાપુની જગ્યાના મહંત મહારાજ વલકુ બાપુના આશીર્વાદ અને પ્રસન્નતાથી ભજન ભોજન ભક્તિનો ત્રિવેણી સંગમ એવું દાનેવ ધામ ગીરમાં પ્રાકૃતિક સૌંદર્યમાં નવું આકાર પામી રહેલ અંશાવતાર દાન મહારાજની જગ્યામાં આજે તારીખ ૨૮/૧૨ શનિવાર રાત્રિના ૯:૦૦ કલાકે મહંત હર્ષદબાપુ ભગત સહિત સંતો મહંતો સેવક મુદાય અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ વર્ષમાં લાગલગાટ ૧૬મો સંતવાણી અને સમુહ ભોજન પ્રસાદનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવેલ છે. આ સંતવાણીના કાર્યક્રમમાં ખ્યાત નામ ભજનીક જનકગીરી ગૌસ્વામી, અશ્વિબા વાળા, ઉમંગ પ્રજાપતિ, ધીરજ બારોટ, જયદીપ વાળા, મીત દેસાણી, ભરતભાઈ ખવડ, સહિત ધાર્મિક ગજજરનું ખ્યાતનામ સાંજીદા ગ્રુપ, વિપુલ સાઉન્ડના સથવારે લોકસાહિત્ય અને ભજનની રમઝટ બોલાવશે તો ભવ્ય સંતવાણી અને સમુહ ભોજન પ્રસાદના કાર્યક્રમનો અમુલ્ય લાભ લેવા આ પંથકના તમામ સેવક સમુદાયને પધારવા મહંત હર્ષદબાપુ ભગતે જાહેર નિમંત્રણ પાઠવેલ છે.

---

## અમરેલીમાં માનસ સનાતન રામકથા મંત્રી કૌશિક વેકરીયાની હાજરી



અમરેલી, તા. ૨૭


અમરેલી ખાતે રામદળ ચેનલ દ્વારા આયોજિત ભવ્ય માનસ સનાતન રામકથાનો ધાર્મિક અને આધ્યાત્મિક માહોલ ભકિતભાવથી છલકાયો હતો. શહેરના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભકતજનો ઉપસ્થિત રહ્યા અને રામ કથાના દિવ્ય પ્રસંગોનું રસપાન કર્યુ.

આ પ્રસંગે પુજય સંત મહંતઓના આર્શીવાદ લઈને શ્રધ્ધાળુઓએ કથાનું શ્રવણ કર્યુ હતું. રામકથાના પ્રવચનો દરમિયાન રામના જીવન, આદર્શો, સનાતન સંસ્કૃતિ અને માનવ મૂલ્યો પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું. જેના કારણે શ્રોતાઓ ભાવવિભોર બન્યા હતા.કાર્યક્રમમાં રાજયના મંત્રી કૌશિક વેકરિયાએ ખાસ હાજરી આપી હતી. તેમણે રામકથામાં સહભાગી બની સંત મહંતનો આર્શીવાદ લીધા અને આયોજકોને આવા ધાર્મિક કાર્યક્રમો દ્વારા સમાજમાં સંસ્કાર, એકતા અને સદ્ભાવના પ્રસરતી રહે તે બદલ અભિનંદન પાઠવ્યા હતા.

રામદળ ચેનલ દ્વારા આયોજિત આ રામકથા માત્ર ધાર્મિક કાર્યક્રમ નહીં પરંતુ સનાતન સંસ્કૃતિના પ્રસાકર અને ભાવિ પેઢીના આધ્યાત્મિક ચેતના જાગૃત કરવાનું સશકત માધ્યમ બની હતી. કાર્યક્રમના અંતે ભકતોએ શાંતિ, સમૃધ્ધિ અને કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

---

# ઇફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ બેંગ્લુરૂ નજીક અદ્યતન નાનો ખાતર પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યુ



ખાતર ક્ષેત્રની ભારતની અગ્રણી સહકારી સંસ્થા ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ લિમિટેડ (ઈફકો) દ્વારા કર્ણાટકના બેંગલુરૂ નજીક દેવનહલ્લીમાં સ્થાપિત અદ્યતન નાનો ખાતર પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્લાન્ટનું ઉપ્રઘાટન ઈફકો અને એન.સી.યુ.આઈ.ના અધ્યક્ષ દિલીપ સંઘાણીના હસ્તે કરવામાં આવ્યું. ઉદ્ઘાટન પ્રસંગે સંઘાણીએ પ્લાન્ટનું વિગતવાર નિરીક્ષણ કર્યું અને નાનો ખાતરના ઉત્પાદન, ગુણવત્તા ધોરણો તથા તકનિકી ક્ષમતાઓ અંગે માહિતી મેળવી. આ પ્રસંગે સંઘાણીએ જણાવ્યું હતું કે, '' આ પ્લાન્ટ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના 'સહકારથી સમૃદ્ધિ' સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.'' ૧૨ એકર વિસ્તારમાં ફેલાયેલો આ અદ્યતન નાનો પ્લાન્ટ પ્રતિદિન ૨ લાખ બોટલ નેનો યુરિયા પ્લસના ઉત્પાદન માટે સક્ષમ છે. દીર્ઘકાળીન દ્રષ્ટિએ આ પ્લાન્ટ દક્ષિણ ભારતમાં પરંપરાગત યુરિયા પરની નિર્ભરતા નોંધપાત્ર રીતે ઘટાડશે, આયાત ખર્ચમાં ઘટાડો કરશે અને ખેડૂતો માટે ખુબ જ ઉપયોગી સાબિત થશે. દેવનહલ્લીમાં સ્થાપિત આ અદ્યતન પ્લાન્ટ અડીનુક વિજ્ઞાનનું પ્રતીક છે, જયાં નવીનતમ ટેક્નોલોજી અને પ્રગતિશીલ સુવિધાઓનો ઉપયોગ કરીને ખાતરનું ઉત્પાદન કરવામાં આવે છે. ઉદ્ઘાટન અને પ્લાન્ટ નિરીક્ષણ બાદ સંઘાણીએ પ્લાન્ટના અધિકારીઓ અને વૈજ્ઞાનિકો સાથે સંવાદ કર્યો. આ દરમિયાન તેમણે નેનો ખાતરના મહત્વ, તેની ભૂમિકા અને ભારતમાં કૃષિના ભવિષ્ય અંગે પોતાના વિચારો રજૂ કર્યા તેમજ નવીનતા આધારિત સહકારી વ્યૂહરચનાઓને વધુ મજબૂત બનાવવા માર્ગદર્શન આપ્યું. ઈફકોના ઉપાધ્યક્ષ બલવીર સિંહ, પૂર્વ ચેરમેન કે નિવાસન ગૌડા, મેનેજિંગ ડિરેક્ટર કે જે પટેલ, પ્રહલાદસિંહ, વિજય શંકર રાય, વિવેક કોહલે, સુબ્રજીત પાધી, મારા ગંગા રેડ્ડી, વાલ્મિકી ત્રિપાઠી, જગદીપ સિંહ નક્કઈ, જયેશ રાદડિયા, ઉમેશ ત્રિપાઠી, ભાવેશ રાદડિયા, યુનિટહેડ સંજય કુલશ્રેષ્ઠ તેમજ બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.





## કોણ કહે છે કે સિંહોના ટોળા ન હોય, હવે તો સિંહોનાં ટોળા જ જોવા મળે છે

# કલયુગ : ધારીનાં વાઘવડી ગામે ૧૫ સિંહોનું ટોળુ જોવા મળ્યુ

**ગીરકાંઠા વિસ્તારમાં સિંહોનાં ટોળા શિકારની શોધમાં મારે છે લટાર**

**સ્ટેટ હાઈવે પસાર કરતું સિંહોનું ટોળુ કેમેરામાં કેદ થયુ**

**સમગ્ર દેશમાં સૌથી વધુ સિંહો વસવાટ કરે છે અમરેલી જિલ્લામાં**

**ગીરકાંઠા વિસ્તારોમાં માર્ગો ઉપર ગમે તે સમયે સિંહોની અવરજવર જોવા મળે**



અમરેલી, તા. ૨૭

આપણી જુની કહેવત છે કે સિંહોના ટોળા ના હોય પરંતુ, આજનાં કલયુગનાં માહોલમાં સિંહોનાં ટોળાનાં દ્રશ્ય અવારનવાર પ્રકાશમાં આવી રહ્યા છે. સમગ્ર એશિયાનાં ગૌરવસમા સિંહોનું ટોળુ જોવુ તે નસીબની બાબત છે અને સિંહ પ્રેમીઓ આ અદભૂત દ્રશ્ય નિહાળીને અભિભૂત થઈ જતાં હોય છે.

અમરેલી જિલ્લાનાં ગીરકાંઠા વિસ્તારમાં અવારનવાર સિંહો સહ પરિવાર શિકારની શોધમાં જતાં હોય છે અને આવુ જ એક દ્રશ્ય ધારીનાં વાઘવડી ગામે જોવા મળ્યુ. જયાં નાના-મોટા બાળ સિંહ મળી કુલ ૧૫ સિંહોનું ટોળુ કમેરામાં કેદ થયુ હતું અને આ દ્રશ્ય સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં જોનારા પણ ચોંકી ગયા હતા.





**પ્લોટ જોઈએ છે**

રાજકોટથી નજીકના ગામમાં રોકાણ લાયક પ્લોટો ૨૦૦ વાર થી ૫૦૦૦ હજાર વાર સુધીના

કાલાવડ રોડ, મોટામવા, મુંજકા, હરીપર, વિરડા વાજડી, ઈશ્વરીયા, અમરેલી, દેવગામ, આણંદપર, છાપરા, મોટાવડા તેમજ મોરબી રોડ હડાળા, રતનપર, મિતાણા, કુવાડવા રોડ, નાગલપર પીપડીયામાં

કોન્ટેક : કિર્તીભાઈ કંસારા 98251 60974 • 70467 10111

ફકત વેચનારે કોન્ટેક્ટ કરવો

સમય : ૧૦ થી ૧, ૪ થી ૮


## એક મહિલાએ બીમારી અને બીજી મહિલાએ અકળ કારણોસર પગલુ ભર્યુ

# ધારી અને લીલીયા પંથકમાં બે મહિલાએ ઝેરી દવા પી અંતિમવાટ પકડી લીધી

**સ્થાનિક પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં ધારી તથા લીલીયા પંથકમાં બે અપમૃત્યુના બનાવો પોલીસમાં જાહેર થતાં સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં ધારી તાલુકાના સરસીયા ગામે રહેતી ક્રિષ્નાબેન ભોજભાઈ વાળા નામની ૨૨ વર્ષીય યુવતિને છેલ્લા બે વર્ષથી માનસીક બીમારી હોય જેથી આ બીમારીથી કંટાળી જઈ તેણીએ ગત તા.૩/૧૨ ના રોજ બપોરના ત્રણેક વાગ્યે સરસીયા ગામે પોતાના રહેણાંક મકાને ખડ બાળવાની ઝેરી દવા પી જતા તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

જયારે બીજા બનાવમાં

**અનુસંધાન પાના ૬ ઉપર**




**હાર્દિક અભિનંદન**

બાબરાના વિદ્વવાન વકીલ એન્ડ નોટરી તેમજ અમારા પરમ મિત્ર

**શ્રી હરેશકુમાર આર. મેવાડા**

બાબરા બાર એસોસીએશનમાં સેક્રેટરી તરીકે બિનહરીફ વરણી થતા અમો ગૌરવની લાગણી વ્યકત કરી હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા પાઠવીએ છીએ.

શુભેચ્છક

**શ્રી હરેશભાઈ શેલીયા**

મારૂતિ ટ્રેડિંગ - બાબરા

મુ.બાબરા. જી. અમરેલી.

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ.ભરતભાઈ કાંતિભાઈ રાજા**

સ્વ.તા.૨૮-૧૨-૨૦૨૪,અમરેલી

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી. પરિશ્રમ જેનું કર્તવ્ય હતું. પરમાર્થ જેની ભકિત હતી. ધર્મ કદી ભૂલ્યા નહી, વ્યવહાર કદી ચૂકયા નહી, પરિવાર માટે ફુલો પાથરી ગયા, એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના...

લી.

ગં.સ્વ. મીનાબેન ભરતભાઈ રાજા (પત્ની)

પ્રવિણભાઈ રાજા (ભાઈ), પરેશભાઈ રાજા (ભાઈ), મનુભાઈ રાજા (ભાઈ)

પિયુષભાઈ ભરતભાઈ રાજા (પુત્ર) બિનાબેન પિયુષભાઈ રાજા
શરદભાઈ ભરતભાઈ રાજા (પુત્ર) નેહા શરદભાઈ રાજા
રજનીભાઈ રાજા (ભાઈ) નલિનાબેન રજનીભાઈ રાજા
રાજુભાઈ રાજા (ભાઈ) નીતાબેન રાજુભાઈ રાજા

જૈમિક પિયુષભાઈ રાજા (પૌત્ર) દિક્ષિત રાજુભાઈ રાજા
રૈયાશ શરદભાઈ રાજા પ્રતિક્ષા મિલનભાઈ નંદારાણા (દીકરી)
નિધિ રાજુભાઈ રાજા તનિષ્કા પિયુષભાઈ રાજા (પૌત્રી)

તથા રાજા પરિવારના જય કૃષ્ણ




**અમરેલીના જુના માર્કેટયાર્ડમાં**

**દુકાન વેચવાની છે...**

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.

:: સંપર્ક કરો ::

**મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪**



**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧

: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૭૭૨


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)